# આધ્યાત્મિક કેડી

તંત્રી : સમ્પાદક : કૈલાસબહેન એન. પરીખ




પરમ તેજદાત્રી મા ગાયત્રી

વર્ષ ૨ ] જુલાઈ ૧૯૮૩ [ અંક ૩

# શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

## અમદાવાદ—૧૬

[ રજી. નં. ૩૩૬૧ ]

ગાયત્રી ઉપાસક પૂજ્ય શ્રી શાસ્ત્રીજીએ ( નરેન્દ્રભાઈ બી. દવે ) માર્ચ ૧૯૭૫થી મા ગાયત્રીના આદેશથી લોકસેવાનો અભિગમ સ્વીકાર્યો છે. આધિ–વ્યાધિ–ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓને વ્યક્તિગત મુલાકાત આપી તેમના પ્રશ્નો સુલઝાવવાનો પ્રયત્ન તેઓ વિના મૂલ્યે કરી રહ્યા છે. અસાધ્ય બિમારીથી વ્યથિત વ્યક્તિઓને પૂજ્યશ્રી મા ગાયત્રીના આદેશ અને માર્ગદર્શન અનુસાર શક્તિપ્રદાનની સારવાર આપી રોગમુક્ત કરવાનો પ્રયાસ કરે છે. અભિમંત્રિત જીવનજળ માનવીનું જીવન બનાવે છે અને જીવન બચાવે છે.

ભારતમાં અને વિદેશોમાં પૂજ્યશ્રીની સેવાનો લાભ વિશાળ જનસમુદાયે લીધો છે અને લઈ રહ્યા છે. યંત્રયુગમાં જીવતાં માનવીને આધ્યાત્મિક શરણનો સીધો, સરળ રાહ બતાવી માનસિક શાંતિનો અનુભવ કરાવે છે.

પૂજ્યશ્રીના આ અનોખા અને વિરલ કાર્યયજ્ઞનો લાભ કોઈ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સમ્પ્રદાયના વિશાળ જનસમુદાયને મળી શકે તેવા શુભ આશયથી પૂજ્યશ્રીની પ્રેરણા અને મા ગાયત્રીની કૃપાથી **શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ**ની સ્થાપના કરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.

**આ ટ્રસ્ટના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે :**

(૧) ગરીબ તથા જરૂરવાળા માણસોને દરેક પ્રકારે મદદ કરવી.
(૨) કોઈ પણ પ્રકારના શિક્ષણના ક્ષેત્રમાં મદદ કરવી.
(૩) આધ્યાત્મિક સારવાર–કેન્દ્ર સ્થાપી અસાધ્ય બિમારીમાંથી લોકોને રાહત અપાવવી.
(૪) કુદરતી આફતમાં સપડાયેલાઓને સહાયરૂપ થવું.
(૫) વિશ્વબંધુત્વની ભાવના કેળવી માનવજાતને દરેક વિષમ પરિસ્થિતિમાં સહાયરૂપ થવું.

અમારા આ નમ્ર પ્રયાસને આપ વધાવી લેશો અને વેગવંતો બનાવશો તેવી નમ્ર વિનંતી.

આભાર સહ.


કે. એન. પરીખ
મેનેજિંગ ટ્રસ્ટી
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

સરનામું :
કે. એન. પરીખ
મેડ્રનનો બંગલો, સીવીલ હોસ્પીટલ કમ્પાઉન્ડ,
અસારવા, અમદાવાદ–૧૬. (ગુજરાત) (ઇન્ડિયા)
ફોન : ૬૭૯૯૭


□

# આધ્યાત્મિક કેડી

વર્ષ ૨ • જુલાઈ : ૧૯૮૩ • અંક ૩

## અનુક્રમણિકા

૧. સદ્‌ગુરુ પરમાત્માનો સાક્ષાત્કાર કરાવી શકે છે. ... ૩
૨. પરમાત્માને વરસવા દેવા હોય તો... ડૉ. કાન્તિલાલ કાલાણી ૬
૩. અન્યને ખાતર કરેલા શુભ સંકલ્પો પંડને
પરમતત્ત્વનો વિશેષ અનુભવ કરાવે છે. ... ... ૧૦
૪. પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં... ... ૧૩
૫. અવકાશી ગ્રહો પર પણ પરમતત્ત્વની આણ
પ્રવર્તે છે. ... ... ૧૯
૬. પુરશ્ચરણના ભીતરમાં ... ... ૨૧
૭. માતાજીની કૃપાથી ઉષાબહેનનો સંસારબાગ
ઉજડતો બચી ગયો ... ... ૨૪
૮. માનવીને મરણોન્મુખ બનાવતો કેન્સરનો
રોગ ગાયત્રી મંત્રજપથી મટી શકે છે. ... ... ૨૬
૯. વ્યક્તિની નિજી શ્રદ્ધા, ગાયત્રી મંત્રજપ અને
ગુરુની આત્મિક શક્તિનો વિરલ અનુભવ ... ... ૨૮
૧૦. કાવ્યપ્રસાદ ... ... ૩૦
૧૧. સમાચાર ... ... ૩૨

**વાર્ષિક લવાજમ : રૂ. ૧૦**

આ ત્રૈમાસિક અંક જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઑક્ટોબર માસમાં પ્રગટ થશે.

પ્રકાશક : શ્રી કૈલાસબહેન એન. પરીખ, શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, મેટ્રન ક્વાર્ટર્સ, ન્યુ સીવીલ હૉસ્પિટલ કમ્પાઉન્ડ, અસારવા, અમદાવાદ–૩૮૦૦૧૬

મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧

# સદ્‌ગુરુ પરમાત્માનો સાક્ષાત્કાર કરાવી શકે છે....

ગુરુઃ બ્રહ્મા ગુરુઃ વિષ્ણુઃ ગુરુદેવો મહેશ્વરઃ ।
ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥

સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી લીધી છે તેવા ભક્તો-ઉપાસકો જ ગુરુમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનાં દર્શન કરી શકે છે.

૨૪મી જુલાઈ ૧૯૮૩ ને રવિવારે ગુરુપૂર્ણિમા છે. ગુરુપૂર્ણિમાના આ પરમ પવિત્ર દિવસે ગુરુ-દર્શન-ગુરુપૂજન-ગુરુવંદન કરવાનો મોટો મહિમા ગણાય છે. જીવનમાં સુખશાંતિ મળી રહે તે માટે ભક્તો-ઉપાસકો ગુરુજીના આશીર્વાદ લેવા અધીરા બને છે. ગુરુદીક્ષા-ગુરુમંત્ર મેળવી આધ્યાત્મિક ઉન્નતિનો રાહ અપનાવે છે.

ગુરુની સતત નિઃસ્વાર્થ ભક્તિ અને સેવા આત્મજ્ઞાન કરાવે છે – પરમાત્માનો સાક્ષાત્કાર કરાવે છે. પરંતુ આત્મજ્ઞાન મેળવવા માટે શિષ્યમાં કેટલી ધીરજ જોઈએ, લગની જોઈએ, ગુરુભક્તિ જોઈએ, તેનો એક પ્રસંગ છાંદોગ્ય ઉપનિષદ્‌માં નીચે પ્રમાણે વર્ણવ્યો છે :

એક વખત બ્રહ્માજીએ ઉપદેશ આપ્યો કે આત્માને જરા નથી, મૃત્યુ નથી, શોક નથી, દુઃખ નથી, ભૂખ નથી, તરસ નથી, આત્મા અજર અમર છે, આત્મા સત્યકામ-સત્ય સંકલ્પ છે. આત્મા જે કામના કરે, સંકલ્પ કરે તે પૂર્ણ થાય છે. આ આત્માને જે પામી શકે તે સ્વર્ગનો સ્વામી બની શકે.

દેવો અને દાનવોને સ્વર્ગના સ્વામી થવાની અભીપ્સા તો હતી જ. આ ઉપદેશ સાંભળી તેઓ આનંદવિભોર થઈ ગયા. તેઓને સ્વર્ગ હાથવેંતમાં લાગવા માંડ્યું.

દેવો અને દાનવોએ પોતપોતાના પ્રતિનિધિ તરીકે ઇન્દ્ર અને વિરોચનને અનુક્રમે નીમી દીધા અને સ્વર્ગના સ્વામી થવાનો કીમિયો શીખી લાવવા માટે બ્રહ્માજી પાસે મોકલ્યા.

ઇન્દ્ર અને વિરોચન હાથમાં સમિધ લઈને બ્રહ્માજીના આશ્રમમાં પહોંચ્યાં. ગુરુવંદના કરી ગુરુસેવાના અને આશ્રમના કામમાં લાગી ગયા. આશ્રમ સાફ કરે, ગાયો ચરાવે, લાકડાં કાપી લાવે, યજ્ઞની તૈયારી કરે, આખો દિવસ કંઈ ને કંઈ કામ કર્યા કરે. ગુરુજી તેમને કંઈ પૂછે નહિ, બોલે નહિ કે માર્ગદર્શન આપે નહિ. આવી એકધારી પ્રક્રિયામાં સેવાનાં બત્રીસ વર્ષ વિતાવ્યાં. એક સવારે બ્રહ્માજીએ બંનેને પાસે બોલાવીને પૂછ્યું કે "તમે શા માટે આવ્યા છો?" પહેલે જ દિવસે પૂછવાનો સવાલ આજે બત્રીસ વર્ષને અંતે સાંભળીને બંનેને નવાઈ તો લાગી પરંતુ ગુરુજી સાથે વાત કરવાનો અવકાશ-મોકો મળ્યો જાણી આનંદથી પુલકિત થઈ એકી સાથે ચરણવંદના કરી હાથ જોડી કહ્યું કે

"ગુરુદેવ, આપના ઉપદેશ અનુસાર અમારે આત્માનું દર્શન કરી સ્વર્ગના સ્વામી થવું છે. અમને એ આત્માનાં દર્શન કરાવો."

બ્રહ્માજીએ કહ્યું, "ભલે, જુઓ આ આંખમાં દેખાય છે તે આત્મા છે. તે જ બ્રહ્મ છે." બંને જણ ખુશ થઈ ગયા. બંનેએ એકબીજાની આંખમાં જોયું તો પોતાનું જ પ્રતિબિંબ દેખાયું. તેઓ સમજ્યા કે આ પ્રતિબિંબ તે જ આત્મા. પાણીમાં અને દર્પણમાં પણ આ જ પ્રતિબિંબ દેખાવા લાગ્યું. એટલે વળી પાછા દ્વિધામાં પડી ગયા અને ગુરુદેવ પાસે જઈને પૂછ્યું કે "આ પાણી અને દર્પણમાં દેખાય છે તે શું છે?"

"તે જ આત્મા છે." ગુરુદેવે કહ્યું. ઇન્દ્ર અને વિરોચનને થયું; આ તો બહુ સહેલી વાત છે. આટલી નાની વાત માટે બત્રીસ વર્ષની આકરી તપશ્ચર્યા કરવી પડી! પરંતુ ગુરુના ઉપદેશનો મર્મ તેઓ સમજ્યા ન હતા. આંખ જેના પ્રકાશથી પ્રકાશિત છે, જેની શક્તિથી શક્તિશાળી છે, તે આત્મા છે. આત્મા એ જ્યોતિસ્વરૂપ છે. આંખમાં પડતું પ્રતિબિંબ એ આત્મા નથી; એ તો છાયા છે.

ઇન્દ્ર-વિરોચનને તો સ્વર્ગના માલિક થવાની લાલસા હતી. આત્મજ્ઞાન મેળવવાની નહિ. તેથી તેઓ તો છાયા-પ્રતિબિંબ-દેહ એ જ આત્મા સમજી આત્મજ્ઞાન મેળવ્યાનો આનંદ માણતા ઘર તરફ પાછા વળ્યા.

વિરોચને તેના દાનવ ભાઈઓને બ્રહ્માજી પાસેથી મેળવેલ આત્મજ્ઞાન જણાવ્યું. દેહ એ જ આત્મા, માટે દેહની જ પૂજા કરો, દેહનું જ જતન કરો, ખાઓ, પીઓ અને મજા કરો. દયા-દાન કરવાની જરૂર નથી. મનને દબાવવાની જરૂર નથી. આમ કરવાથી આપણે પૃથ્વી અને સ્વર્ગના માલિક બની શકીશું. દાનવોને તો આ જ જોઈતું હતું. તેમના આનંદનો પાર ન રહ્યો.

ઇન્દ્ર પણ ખુશ થતો થતો ઘરે જતો હતો. પરંતુ તે વિચારશીલ હોવાથી તેને વિચાર થયો કે આંખમાં, જળમાં, દર્પણમાં જે દેખાય છે તે જો અજર-અમર હોય તો તેમાં ફેરફાર થવો ન જોઈએ. મારાં શરીરે વસ્ત્રાલંકારો બદલ્યાં એટલે પ્રતિબિંબે પણ વસ્ત્રાલંકારો બદલ્યાં; હું જો આંધળો-લૂલો થાઉં, વૃદ્ધ થાઉં તો તો તે પણ આંધળો-લૂલો-વૃદ્ધ થાય. હું જો મરી જાઉં તો તે પણ મરી જાય. જ્યારે આત્મા તો અજર-અમર છે. તેને જરા-વ્યાધિ નથી. આ વિચારથી ઇન્દ્ર ભયભીત થઈ ગયો. મન શંકાશીલ બની ગયું. તે ફરી પાછો આશ્રમમાં આવ્યો. અધૂરું જ્ઞાન લઈને જવાનું તેને મુનાસીબ ન લાગ્યું.

આશ્રમમાં આવી ગુરુચરણમાં મસ્તક ટેકવી ફરીથી પહેલાંની જેમ સેવા-ઉપાસના શરૂ કરી. આમ બીજાં બત્રીસ વર્ષ પસાર થઈ ગયાં. બત્રીસ વર્ષને અંતે ફરીથી ગુરુએ બોલાવીને કહ્યું, "સ્વપ્નમાં જે પુરુષ વિચરણ કરે છે તે આત્મા છે. તેને જરા, વ્યાધિ, મૃત્યુનો ડર નથી. તે અજર-અમર છે. તે જ બ્રહ્મ છે.

ઇન્દ્રને થયું સાચી વાત છે. જડ શરીર આત્મા નથી. શરીર જ્યારે ઊંઘમાં હોય છે ત્યારે પણ એક ચેતન પુરુષ જાગતો હોય છે. તે દેશવિદેશ ફરે છે, વિવિધ દૃશ્યો જુએ છે. સાંભળે છે, અને આનંદ માણે છે. એ સ્વપ્નપુરુષ તે જ આત્મા. શરીરની વ્યાધિ એને લાગતી નથી. શરીર હણાય તો પણ તે હણાતો નથી. હવે મેં આત્માને ઓળખી લીધો છે એમ સમજી ઇન્દ્રે ઘર તરફ પ્રયાણ કર્યું.

વિચારશીલ મગજમાં વળી શંકા જાગી કે સ્વપ્નપુરુષ શું આત્મા હોઈ શકે? આત્મા તો અજર-અમર, નીડર છે. જરા-વ્યાધિથી પર છે. જ્યારે સ્વપ્નપુરુષ તો ક્યારેક રોતો, ડરતો, મરતો, વ્યાધિથી પીડાતો પણ દેખાય છે. ના, ના. સ્વપ્નપુરુષ આત્મા હોઈ ન શકે.

આત્મસંતોષ ન થતાં ઇન્દ્ર ત્રીજી વખત આશ્રમમાં પાછો આવી ગુરુવંદના કરી સેવામાં લાગી ગયો. બીજાં બત્રીસ વર્ષ સેવા–ઉપાસનામાં પસાર થઈ ગયાં. છન્નુ વર્ષની આકરી તપશ્ચર્યાથી ઇન્દ્રના ચહેરા પર ઉપાસનાનું તેજ દેખાતું હતું. ચિત્ત નિર્મળ થયું હતું. બ્રહ્મને જાણવાની સાચી લગની તેને લાગી હતી.

બ્રહ્માજીએ એક સવારે તેને બોલાવીને કહ્યું કે, "સુષુપ્તિ કાળે જે પુરુષ સુપ્રસન્ન રહે છે અને સ્વપ્ન જોતો નથી તે જ આત્મા છે. એ કદી ડરતો નથી, મરતો નથી, એ જ અમૃત છે, અભય છે; બ્રહ્મ છે."

ઇન્દ્ર આત્માનું જ્ઞાન લઈ ઘર તરફ વળ્યો. પરંતુ વિચારશીલ મગજે પ્રશ્ન કર્યો કે શું સુષુપ્ત પુરુષ એ જ આત્મા છે? શું આ સુષુપ્ત પુરુષ પોતાની જાતને, વિશ્વને, બ્રહ્માંડને જાણી શકે છે? જવાબ "ના"માં આવે છે. એ સુષુપ્ત પુરુષ પણ જડ જેવો છે. તેનામાં ચૈતન્યનો સંપૂર્ણ પ્રકાશ નથી. સ્વયં પ્રકાશ બ્રહ્મ તે ન હોઈ શકે તો પછી આત્મા કોણ?

દૃઢ નિશ્ચયી ઇન્દ્ર ચોથી વખત આશ્રમમાં પાછો ફર્યો. ગુરુના ચરણસ્પર્શ કરી એ જ સેવા–ઉપાસનામાં લાગી ગયો. ઇન્દ્રને હવે ખરેખર જ્ઞાનની લગની લાગી છે. તેનું ચિત્ત નિર્મળ થયું છે અને મુખ તેજથી ઝગારા મારે છે. બીજાં પાંચ વર્ષ પસાર થઈ ગયાં. પૂરાં એકસો એક વર્ષની અવિરત તપશ્ચર્યાને અંતે ઇન્દ્ર બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવાનો અધિકારી બન્યો. બ્રહ્માજી તેના પર પ્રસન્ન થયા અને તેને બ્રહ્મજ્ઞાન આપ્યું.

ગુરુજીએ કહ્યું, "જરાહીન, મૃત્યુહીન, અભય પુરુષનું દર્શન આ નાશવંત શરીરમાં કેવી રીતે થાય? ઇન્દ્રિયો, મન, બુદ્ધિ બધું જ નાશવંત છે. જાગૃતિ, સ્વપ્ન, સુષુપ્તિ બધું એ શરીર સાથે સંકળાયેલું છે. તેથી તે પણ નાશવંત છે. તેથી જાગૃતિ, સ્વપ્ન કે સુષુપ્તિ એક પણ અવસ્થામાં બ્રહ્મનું દર્શન થઈ શકે નહિ. આ પરમ આત્મા તો અશરીરી છે. શરીરથી પર રહીને તે શરીરમાં વાસ કરે છે. આ દેહ તે આત્મા નથી. એ દેહ તું નથી. તે તો ઉત્તમ પુરુષ છે, જે પરમ આત્મા છે. એ હસે, રમે, ફરે, આનંદપ્રમોદ કરે, પરંતુ તેને કશાનું બંધન નહિ. આ દેહ કેવળ આત્માનો ગુલામ-સેવક છે, મન ફાવે ત્યારે શરીરનો ઉપયોગ કરે, મન ફાવે ત્યારે તેને છોડી શકે. શરીરની ઇન્દ્રિયો કેવળ સાધન માત્ર છે. પરંતુ જે સાંભળે છે, બોલે છે, વિચારે છે, તે આત્મા છે.

**મન આત્માનું દૈવી ચક્ષુ છે — मनोऽस्य दैवं: चक्षुः ॥**

આ દૈવી ચક્ષુ દ્વારા આત્મા વિવિધ વિષયોનું દર્શન કરે છે અને વિવિધ આનંદનો અનુભવ કરે છે."

આત્માનું સાચું જ્ઞાન મળવાથી ઇન્દ્રના આનંદનો પાર ન રહ્યો. તે સ્વયં આનંદમય, જ્ઞાનમય, અમૃતમય, બ્રહ્મમય બની ગયો. એ સમજી ગયો કે આનું જ નામ સર્વ કામનાઓની તૃપ્તિ અને સ્વર્ગનું સ્વામિત્વ. હવે તેને ભૌતિક સ્વર્ગના સુખને મેળવવાની કોઈ અભીપ્સા રહી નહિ.

બ્રહ્માજીની રજા લઈ તે દેવલોક તરફ પાછો ફર્યો. હવે તે તાપરહિત, સંશયરહિત, ચિંતારહિત હતો. દેવોએ તેને આવકાર્યો અને તેના માર્ગદર્શન હેઠળ સર્વ દેવોએ આત્માની ઉપાસના શરૂ કરી.

આમ એક જ ગુરુના બે શિષ્યો, પરંતુ બંનેની સમજણમાં, જ્ઞાનપિપાસામાં આસમાન જમીનનો ફેર. બંનેના માર્ગ જુદા પડી ગયા. દાનવોએ દેહને પ્રાધાન્ય આપ્યું, દેવોએ આત્માને પ્રાધાન્ય આપ્યું અને બંને એકબીજાના વિરોધીઓ બની ગયા.

ગુરુના આશીર્વાદ મેળવવા માટે, ગુરુની કૃપા પામવા માટે ધીરજ જરૂરી છે. ગુરુના શબ્દ–વાક્ય–ઉપદેશનું શાબ્દિક અર્થઘટન ન કરતાં માર્મિક અર્થઘટન કરવાથી તેનો મર્મ સમજાશે અને આત્મોન્નતિનો રાહ આપોઆપ મળી જશે.

☐

# પરમાત્માને વરસવા દેવા હોય તો…

ડૉ. કાન્તિલાલ કાલાણી

એક વખત એક બાઉલે બીજા બાઉલને પૂછ્યું કે મારા હૃદયમાં પ્રેમનો ઉદ્રેક નથી તો સન્ધ્યા ઉપાસના, નામજપ અને તપ છોડી દઉં ? ત્યારે બીજાએ જવાબ આપ્યો : સન્ધ્યા, પૂજા કે તપ છોડી દેવાથી તારું કલ્યાણ થશે એમ માનતો હો તો તારી ભૂલ થાય છે. એ માર્ગે ચાલતાં ચાલતાં સાચા જીવનની પ્રતીક્ષા કર. સન્ધ્યા–પૂજાદિ માત્ર માર્ગ છે, મૂળ વસ્તુ નથી. પણ તેટલા ખાતર તેને બંધ કરાય નહિ. નદીમાં પાણી વહે નહિ ત્યાં સુધી નદીનો ઊંડો પટ નકામો છે. પણ પાણી નથી વહેતું માટે પટ માટીથી ભરી દઈએ તો ચોમાસામાં પાણી વરસે ત્યારે પણ નદી વહે નહીં. આપણે પ્રવાહમાર્ગ બંધ કરીએ પછી ભગવાન વરસે ત્યારે ભગવત્પ્રવાહ શી રીતે વહેશે ?

બાઉલો એટલે લોકહૃદયની ભાવસંપત્તિને અથવા તેના મરમી ભાવોને આપણા સમગ્ર અસ્તિત્વને સ્પર્શી જાય તે રીતે અલમસ્ત બની ગાનારા અને એવી જ મસ્તીથી જીવનારા બંગાળના 'છોટા લોક'. ભદ્ર સમાજમાં તેમની ગણતરી ન થાય પણ નીચલા થરના ગણાતા આ બાઉલ લોકોના ગાનમાં તત્ત્વ-ચિંતનની નરવી અને ગરવી સરવાણીઓ ફૂટતી હોય છે. ક્ષણિકની પાછળ સનાતન કાળથી ઊભા રહેલ શાશ્વત તત્ત્વનું ગાન આ કહેવાતા અભણ બાઉલો મધ્યકાળના મરમી સંતોની જેમ ગામડે ગામડે ગાતા ફરે છે. એમની પાસે જીવનનો ગહન સંદેશો છે. બે બાઉલ વચ્ચે થયેલા મર્મસ્પર્શી સંવાદને સમજવાનો પ્રયત્ન કરીએ.

જીવન સ્થગિત થઈ ગયું હોય, હૃદયની બધી સરવાણીઓ સુકાઈ ગઈ હોય, બધાં કાર્યો યંત્રવત્ થતાં હોય પછી દેખાવ ખાતર સન્ધ્યા, ઉપાસના, તપ કરવાનો શો અર્થ ? આપણા પરિચયમાં એવી વ્યક્તિઓ આવી હશે જે કહેતી હશે કે ઘણા કાળથી નામ–સ્મરણ કરું છું પણ અંદર કોઈ ઘટના બનતી નથી. કાળમીંઢ ખડક પર પડેલું પાણી જેમ તરત વહી જાય છે અથવા સૂર્યની ગરમીથી સુકાઈ જાય છે તેમ — ઉપરછલ્લું નામ–સ્મરણ હૃદયમાં પ્રવેશ કરતું નથી.

આપણે બીજની વાવણી કરીએ છીએ તે પહેલાં જમીનને કેળવીએ છીએ, એની ઉથલપાથલ કરીએ છીએ, એને કસવંતી કરીએ છીએ. ખડકાળ પથ્થર પર બી વાવી દેતાં નથી. ના–છૂટકે, પરાણે ખેતી કરવાની હોય તો કદાચ વેઠ ઊતારીએ. બેદરકાર રહીએ. કસદાર બીજને બદલે સડેલાં કે નકામાં બીજ લઈ ભળતી જ જગ્યાએ એની વાવણી કરી દઈએ. પરિણામ શું આવે ? સૂકીભઠ જમીન હરિયાળી ન બને. કહો કે એમાં કશું ન પાકે એટલે ચોમાસાનું આગમન થાય તે પહેલાં ખેડૂતો જમીનને એકદમ તૈયાર રાખે છે. ઉનાળાના બળબળતા તાપની ચિંતા કરી તેઓ ઘરમાં સંતાઈ રહેતા નથી. કાળે ઉનાળે તેઓ બળદ–હળ લઈ નીકળી પડે છે.

અહીં એક બાઉલ કહે છે કે પ્રેમનો ઉદ્રેક નથી, ઉભરો નથી, ભરતી નથી, એટલે કાંઈ કરવાનો અર્થ નથી. આ ભાગેડુવૃત્તિ છે. પ્રેમ નથી તો એની પ્રતીક્ષા કરવી જોઈએ. એને માટે એણે કાંઈ નથી કર્યું. એને તૈયાર ભોજન પર જમી લેવું છે. એને ખબર નથી; બહારનું ભોજન તો બીજા ય તૈયાર કરી આપે છે પણ અંદરની રસોઈ પોતે જ પકાવવાની હોય છે. એને માટે જરૂરી છાણાં–લાકડાં,

ચૂલો, રસોઈ માટેની તમામ સામગ્રી અને તે માટેની આવડત જરૂરી બને છે. હાથ જોડી બેસી રહેવાથી અંદર ઓછી રસોઈ તૈયાર થવાની હતી? એમ પોપટ-પાઠ કર્યે હૃદયમાં આરાધ્ય નામ પ્રગટવાનું હતું? બહારની ખેતી કે રસોઈ માટે આટલી બધી તૈયારી તો અંદરની ખેતી કે રસોઈ માટે કાંઈ જ નહીં?

પહેલો બાઉલ જે છોડવાનું છે તે નથી છોડતો અને જેને પકડી રાખવા જેવું છે, જેમાં એનું આખરે કલ્યાણ છે તેને છોડી દેવા તત્પર થાય છે. મનુષ્ય સહેજે શાણો હોય છે. પૂજા-પ્રાર્થનાનો દંભ કરવો તેના કરતાં એ ન કરવી સારી એવો તર્ક હોય છે. પણ આ તર્ક અધૂરો અને છીછરો છે. અહીં એ પૂજા-પ્રાર્થના પર પૂર્ણવિરામ મૂકવા ઇચ્છે છે તેના કરતાં પોતાના દંભ ઉપર પૂર્ણવિરામ મૂકી દે તો? પણ તેને દંભ સાચવવો છે. તે એમ માનતો હોય છે કે દંભ વિના આ જગતમાં જીવી શકાશે નહીં, એટલે એને છોડવાનું તે વિચારતો નથી. જગતના મોટા ભાગના લોકો જેને કાળજીપૂર્વક સાચવી રાખતા હોય તેને ત્યજી દઈએ તેમાં કેટલું ડહાપણ? એટલે પૂજા-પ્રાર્થના છોડી દેવાં. એને છોડી દેવાથી જગતના વ્યવહારમાં કોઈ ફેર પડતો નથી. તેની એ પ્રકારની દલીલને આપણે સ્વીકારીને ચાલીએ, પણ અંદરના વ્યવહારનું શું?

ઉપરછલ્લી સાધનાથી હૃદય પોચું પડતું નથી, નિષ્ઠા અને ત્યાગ વિના હૃદયમાં પ્રેમનું સ્પંદન થતું નથી, નિષ્ઠા અને ત્યાગ વિના હૃદયમાં પ્રેમનું સ્પંદન થતું નથી અને ઊંડી સમજણ વિના આપણને સકળ સ્વતંત્રતા આપનાર પરમ શક્તિ વિશે અહોભાવ જન્મતો નથી. તેમાં દોષ આપણો છે. આ દોષને સમજી લેવો અને તેને માટે ઉપાય કરવો એ ઇષ્ટ કે પછી હાથ ખંખેરી નાખવા તે ઠીક?

પહોંચવું છે પર્વતના શિખર પર અને કેડીનો સ્વીકાર કરવાની તૈયારી નથી તો પછી ટોચ પર કેવી રીતે પહોંચાશે? પર્વત પર જવા માટે તો કદાચ કાળાંતરે બીજા લોકો પણ રસ્તો તૈયાર કરી આપે તેવી સંભાવના છે, પણ અંતરયાત્રા માટેની પગવાટ આપણા સહકાર અને નિષ્ઠા વિના, આપણા પ્રદાન વિના કેવી રીતે તૈયાર થશે?

પ્રથમ બાઉલ આ બધું સમજતો નથી એવું રખે માની લેતા! અર્જુને વિરાટ સ્વરૂપના દર્શન કર્યા પછી તેણે શ્રીકૃષ્ણને ભક્તનાં લક્ષણ પૂછ્યાં તેથી એ ભક્ત કેવો હોય તે જાણતો નહોતો, એવું ગણિત માંડવાની જરૂર નથી. પ્રથમ બાઉલ કે અર્જુનના જે પ્રશ્નો છે તે આપણા માટે પૂછેલા પ્રશ્નો છે. જીવનની ગહનતાને પામવા કદાચ આપણે આવા ધારદાર પ્રશ્નો ઊભા ન પણ કરીએ. કરુણાથી પ્રેરાઈને તેમણે આ પ્રકારના પ્રશ્નો પૂછ્યા છે. આપણે તેમને અંતરથી ધન્યવાદ આપીએ અને બાઉલોના સંવાદને સમજવા પ્રયત્ન કરીએ.

પ્રથમ બાઉલમાં પ્રેમ છે. પણ પરમ શક્તિ ઘનીભૂત થઈ સાકારપણે તેની સમક્ષ ખડી રહે એટલી તેમાં તીવ્રતા નથી. પ્રેમની હસ્તીને કારણે એ પ્રભુના પ્રવેશદ્વાર સુધી પહોંચી ગયો છે. પ્રશ્ન છે પ્રવેશદ્વારમાં કૂદકો મારી કેમ જવું અને શ્રીહરિ સાથે કેવી રીતે તદ્રુપતા સાધવી? પ્રેમ છે ચોક્કસ પણ તેની સાથે ગણતરી જોડાયેલી છે. લાભહાનિનાં તોલમાપ જોડાયેલાં છે. એ પ્રેમ એટલો કાચો છે કે એની સાથે સન્ધ્યા, ઉપાસના, નામ-જપ-તપ વગેરેની વળગણો છે, એને થાય છે કે એટલા પ્રેમથી પ્રભુ-મિલન થવાનું નથી તો આ વળગણને છોડી દઉં, એટલે એટલી તો શાંતિ.

આપણને સમજણ આવે એટલે બાઉલે અજ્ઞાનના વાઘા સજી લીધા છે. બાઉલની જાતને વળી વળગણો કેવી! એ તો મરજીવાનો પંથ છે. બધું ફૂંકી મારીને પ્રભુનાં-પ્રેમનાં ગીત ગાવા તે નીકળી પડેલો છે. એટલે બીજા બાઉલનો ઉત્તર આપણે માટે છે.

આપણે સરિતાની પેલે પાર જવું છે. તરતા આવડતું નથી. આ કિનારે હોડી અને હલેસાં પડેલાં છે. બાવડામાં પૂરી તાકાત નથી, અને હોડીનો ઉપયોગ કરવો નથી, આવો હિસાબ સામે કિનારે કેવી રીતે પહોંચાડે? જવાનો સંકલ્પ હોય તો હાથને, હોડીને અને હલેસાંને તૈયાર કરવાં જોઈએ; હલેસાં-કળા શીખી લેવી જોઈએ. એ ન આવડે તો નદીના વેગીલા પ્રવાહમાં તણાઈ જવાય. ન રહીએ આ ઘાટના કે ન રહીએ સામા ઘાટના.

એવી જ રીતે પ્રભુમિલન માટે તૈયારી કરવી જોઈએ. એ માટેનાં સાધનોને સરખી રીતે સમજાવવાં જોઈએ. પ્રેમ એ પરમતત્ત્વ સુધી પહોંચાડનારું સાધન છે. ચપ્પુ જો બુઠ્ઠું હોય તો ઉપયોગી થતું નથી તેમ ગણતરી-યુક્ત પ્રેમમાં ઉદ્રેક આવતો નથી. એટલે છોડવાનાં છે લેખાં-જોખાં, જેથી પ્રેમમાં ઉદ્રેક આવે. તેને બદલે પ્રેમને ધાર મળે તેવાં સાધનો—સન્ધ્યા, ઉપાસના, નામ-જપ અને તપ છોડી દેવાનું કેમ વિસરાય?

નદીએ વહેવું હોય તો પટ જોઈએ. ઊંડો અને પહોળો પટ હોય તો નદીનો પ્રવાહ સરખો ચાલ્યા કરે. કયારેક એવું બને કે પાણીના પુરવઠાને અભાવે પ્રવાહ સૂકાઈ જાય. નદીમાં પાણી ન રહે એટલે શું એના પટને માટીથી પૂરી દેવાનો અને ભવિષ્યના જળપ્રવાહની શકયતા પર ચોકડી મૂકી દેવાની? બાઉલ કહે છે, ના. નદીના પટને માટીથી ભરી દેવાની તે ના પાડે છે. એવું કરીએ તો ચોમાસામાં પાણી વરસે ત્યારે પણ નદી વહે નહીં. પ્રથમ બાઉલમાં પ્રેમનો ઉદ્રેક થાય એટલા માટે પડકાર ફેંકતો હોય એવો યક્ષપ્રશ્ન તે પૂછે છે: આપણે પ્રવાહમાર્ગ બંધ કરીએ પછી ભગવાન વરસે ત્યારે ભગવત્પ્રવાહ શી રીતે વહેશે?

નદીનો પટ નકામો છે, એને માટીથી ભરી દેવો જોઈએ, એ અહંકારનું સૂચન કરે છે. જ્યાં સુધી અહંકારની હાજરી હોય ત્યાં સુધી પ્રેમ શુદ્ધ પ્રેમ નથી બનતો. અહંકાર સાંગોપાંગ ખરી પડે છે ત્યારે પ્રેમની પગદંડી શરૂ થાય છે. પ્રેમ એટલે ગણતરી વિનાનું સમર્પણ; અપેક્ષા વિનાનો નિર્વ્યાજ સંબંધ. કોઈ સમીપ હોય કે ન હોય તો પણ સુગંધ પ્રસરાવ્યા કરે છે; કોઈ જળ પીનાર ન હોય તો પણ નદીનો અજસ્ર પ્રવાહ વહ્યા કરે છે. આ જ પ્રેમ છે.

આ પ્રેમ ધીરજ, શ્રદ્ધા, નિષ્ઠા, સમર્પણ એટલે કે પોતાનું વિસ્મરણ અને પ્રેમીનું વિશેષ સ્મરણ માગી લે છે. એ રીતે પ્રેમનો પંથ અકળામણથી અને આકુળ-વ્યાકુળતાથી છવાયેલો છે. આ અકળામણ, આ આકુળ-વ્યાકુળતા, આ વેદના એ જ તૃષા છે. ભક્તિ છે. પ્રેમનો માર્ગ સંકીર્ણ છે. એમાં બેનો સમાવેશ થતો નથી. પ્રેમમાં 'હું'નો લય કરવો પડે અને શ્રીહરિને પ્રિયતમ તરીકે સહજભાવે સ્વીકારવા પડે છે. આ સ્વીકાર એ બંધન નથી; પ્રેમ કયારેય બંધન બની શકે નહીં. અનુભવી પુરુષોએ તેને સ્વતંત્ર અને પરિપૂર્ણ કહ્યો છે.

જ્યાં પરિપૂર્ણ પ્રેમ વ્યાપી જાય છે ત્યાં ખાલી જગ્યા રહેતી નથી. બધું સભર બની જાય છે. અણુએ અણુ પરિતૃપ્તિ અનુભવે છે. ત્યાં સ્થળ-કાળ-ગતિ લોપાઈ જાય છે. આત્મિક પ્રેમ દ્વૈતના અસ્તિત્વને રહેવા દેતો નથી. પ્રેમની પ્રતીતિ દ્વૈતનો અંત આણી દે છે; જે અપવિત્ર છે તેને પવિત્ર કરી દે.

પ્રથમ બાઉલ પ્રેમના ઉદ્રેકની વાત કરે છે ત્યારે પ્રાણમાં પ્રેમની જ્યોત પ્રગટ નથી થઈ તેનો સંકેત કરે છે. રૂંવાડે રૂંવાડે શ્રીહરિ માટે ઝંખે છે ત્યારે જ સન્ધ્યા, ઉપાસના, નામ, જપ અને તપ પ્રાણવંતા બને છે. આવો પ્રેમ સહજસ્ફુર્ત હોય છે, એ અમર્યાદિત હોય છે.

પાણીને નવાણું ડીગ્રી સુધી તપાવીએ ત્યાં સુધી એનું રૂપાંતર થતું નથી. પાણી પાણી જ રહે છે અને આપણે બૂમાબૂમ કરી મૂકીએ છીએ કે આટલી ગરમી આપી છતાં પાણીની વરાળ થતી નથી.

ગરમી હજી બે આંકડામાં જ રમી રહી છે. બે આંકડા સુધી ગતિ કે ત્યાં સુધી જળનું વરાળમાં રૂપાંતર થતું નથી. પ્રેમ પણ બે શબ્દોમાં કુંઠિત થતો નથી. એમાં અધીં અક્ષર ઉમેરાયો છે. કબીરે કહ્યું છે: "ઢાઈ અક્ષર પ્રેમકા". પ્રેમ શબ્દ અઢી અક્ષરનો બનેલો છે. 'પ'ની સાથે અધીં 'ર' જોડાયેલો છે. એટલે એ ઉપાંતર કરી શકે છે. તાપમાન નવાણુનો અંક છોડીને સો ઉપર જાય છે ત્યારે જળનું વરાળમાં રૂપાંતર થવા માંડે છે. એક જ ડીગ્રી તાપમાન વધે છે એને ચમત્કાર સર્જાય છે. પણ વધી સુધી નવાણુના અંક ઉપર રોકાઈ જઈએ તો! એમ મારું અને તારું એવી ગણતરી રહે છે ત્યાં સુધી પ્રેમ ઠંડોગાર થઈ પડયો છે. જયારે એ દ્વન્દ્વાતીત થાય છે ત્યારે તે અનંતમાં છલાંગ મારે છે; એમાં ઉદ્રેકનું આગમન થાય છે. પછી બધું પલટાઈ જાય છે. પૃથ્વી પરના તપેલામાં રહેલું જળ સો ડીગ્રી તાપમાન મળતાં મર્યાદિત તપેલાને છોડી આકાશ ભણી કૂદકો મારે છે. આવી વરાળમાંથી જ વાદળાં બંધાય છે અને ઠંડું હવામાન મળતાં એ પૃથ્વી પર વરસી એને પરિતૃપ્ત અને લીલીછમ કરી દે છે. એટલે બીજો બાઉલ કહે છે: સન્ધ્યા, પૂજા કે તપ છોડી દેવાથી તારું કલ્યાણ થશે એમ માનતો હો તો તારી ભૂલ થાય છે. એને છોડવાનાં નથી; સરખી રીતે તપાવવાનાં છે. સમગ્ર પ્રાણ નીચોવીને તેમાં ભરવાનો છે. એ બધાં પ્રાણાન્વિત ન થાય ત્યાં સુધી પ્રતીક્ષા કરવાની છે. નવાણુ સુધી પહોંચી અટકી જવાનું નથી. સોના અંક ભણી ગતિ કરવાની છે. ભગવાનને વરસાવવા હોય તો આ જ ઉપાય છે; જળે પોતાનું રૂપાંતર થવા દેવું. મનુષ્યે પોતાના અહંકારનું પરમાત્મામાં રૂપાંતર થવા દેવું, પછી ભગવત્પ્રવાહ અખંડપણે વહ્યા કરશે.

□


શુભેચ્છા સહિત :

☎ Res. : ૩૬૫૦૫
Fact. : ૩૭૦૦૪

## ડૉ. જયંત વાડીલાલ ગીલીટવાલા

દરેક જાતનો જરી કસબ ગીલીટ કરનાર

# ડૉકટર જયંત ફેબ્રીકસ

એમ્બર્ગ જયોર્જેટ બનાવનાર

: ફેકટરી :
પ્લોટ નં. ૧૩/૧, ખટોદરા
ઉધનારોડ

: રહેઠાણ :
૯/૫૬૮ કોટસફીલ રોડ,
સુરત-૧

## અન્યને ખાતર કરેલા શુભ સંકલ્પો

# પંડને પરમ તત્ત્વનો વિશેષ અનુભવ કરાવે છે!

ઈશ્વરના અસ્તિત્વની, ઈશ્વરની કૃપાની અનુભૂતિ પામી ચૂકેલ માનવી પોતાની આસપાસના સગા-સમ્બન્ધી, મિત્રો, સ્નેહીજનો, સ્વજનોને પણ ઈશ્વરની શરણાગતિ સ્વીકારવાનું, શ્રદ્ધા રાખવાનું કહે, એટલું જ નહિ, પોતે પણ આપત્તિમાં આવેલા પોતાના કોઈ સ્નેહીજન માટે ઈશ્વરને, પોતાના ઈષ્ટને પ્રાર્થના કરે, હૃદયમાં શુભ સંકલ્પ ધારણ કરે, અને એ હૃદયની પ્રાર્થના-શુભ સંકલ્પ, પેલી આપત્તિમાં આવેલી વ્યક્તિનો જ્યારે ઉગારો કરે ત્યારે શ્રદ્ધા, શરણાગતિ, શુભ સંકલ્પો અને એ દ્વારા નિષ્પન્ન થતી ઈશ્વરની-ઈષ્ટની કૃપા માનવીને બહુ મોટા અચરજમાં નાખી દે છે.

મનુષ્યના હૃદયની ઉમદા ભાવના વ્યક્તિને પોતાને માટે તો હિતકર છે જ, પણ અન્યને માટે પણ એટલી જ હિતકર નીવડે છે. વળી, હૃદયમાં શુભ, ઉમદા ને ઉદાત્ત ભાવના સેવનાર માનવી પર ઈશ્વરની કૃપા તો ઊતરે છે જ, પણ જે વ્યક્તિ અન્યને માટે પણ એવી શુભ ભાવના રાખે ત્યારે ઈશ્વરની કૃપાનું અમીવર્ષણ તે વ્યક્તિ ઉપર પણ થતું હોય છે.

વ્યક્તિ નિજને ખાતર તો પ્રાર્થના કરતો જ હોય છે, પણ અન્યને ખાતર પણ શુભ ભાવ રાખી તેને માટે પણ પ્રાર્થના કરે એ જ ઈશ્વરની શ્રદ્ધા, શરણાગતિ તેમ જ પ્રાર્થના ને ભક્તિનું સાચું હાર્દ ને મૂળભૂત આધાર છે. વ્યક્તિના જીવનની નિજી સફળતા ને શાંતિનું એ રહસ્ય છે.

અત્રે પ્રસ્તુત કરેલ પ્રસંગ માનવીની આવી જ નિજી ઉમદા ને ઉદાત્ત ભાવના ને અન્યને માટે કરેલી પ્રાર્થના દ્વારા પ્રાપ્ત કરેલ શુભ પરિણામનું નિદર્શન કરે છે.

**વડોદરાના શ્રી હર્ષદ દવે લખે છે:**

'પરમ પૂજ્ય ગુરુદેવ,

છેલ્લાં સાત વર્ષથી મને આપશ્રીનું શરણું મળેલ છે. તેથી તમારી છત્રછાયામાં હું પરમ શાંતિ અનુભવું છું. ઘણા બધા એવા પ્રસંગો બન્યા છે કે જેમાં સગાં-સંબંધીઓ, સ્નેહીઓ સાથ ન આપે એવા સમયમાં અટવાતો, ભટકાતો સીધો જ હું આપશ્રી પાસે આવતો. અનેક વિટંબણાઓથી ઘેરાયેલો, નાસીપાસ થયેલો, ડગમગતો જ્યારે હું આપની પાસે આવી મારી વીતક કથા કહેતો, ત્યારે આપ આપની અમૃતવાણીથી ભીંજવી દઈ કહેતા, 'ગભરાઈશ નહિ, મા બધું જ સારું કરશે.' અને તે વખતે સઘળાં દુઃખ દૂર થતાં હું હળવો ફૂલ બની જતો.

છેલ્લાં સાત વર્ષથી આપની તથા પૂ. પરમકૃપાળુ વેદમાતાની પૂર્ણ શ્રદ્ધાથી શરણાગતિ સ્વીકારી છે અને તેના જ પરિણામ રૂપ આજે વગર મૂડીએ સારો ધંધો ચલાવું છું, તે આપના જ આશીર્વાદનું ફળ છે. બસ, અન્ત સુધી આપની છત્રછાયામાં રહી પરમકૃપાળુ વેદમાતાનું દિન-પ્રતિદિન વધુ સ્મરણ કરતો રહું તેવા આશીર્વાદ માગું છું.

અત્રે એક અન્ય પ્રસંગ વર્ણવું છું :

અમારા ભાગીદાર ભાઈશ્રી મૂળ ખાનદેશના છે, તેમ જ ઘણા ભાવિક-ધર્મપ્રેમી છે તથા પૂ. માતાજીના ઉપાસક પણ છે. તેમનાં એક બહેન સુશીલાબહેન, ૪૨ વર્ષની ઉંમર, સર્વ વાતે સુખી છે, પરન્તુ એક શેર માટીની ખોટ, છતાં આશામાં ને આશામાં જીવન વ્યતીત કરતાં હતાં. અચાનક આશા નિરાશામાં પલટાઈ ગઈ. ઓક્ટોબર-૮૧ માં પૂના, ઓમ્બે, ધૂળિયા મોટા મોટા દવાખાનામાં તપાસ કરાવી. ફોટા પડાવ્યા. સર્વનો એક જ રિપોર્ટ કે ગર્ભાશય ઉપર અસંખ્ય ગાંઠો છે, અને તેથી સંતાન તો થશે જ નહિ, પરન્તુ ઓપરેશન કરી ગર્ભાશય કાઢી નાખવામાં નહિ આવે તો જીવનું જોખમ છે. ઓપરેશન કરાવવાનું નક્કી કરી, તેઓ તેમના ભાઈને (મારા પાર્ટનર) મળવા વડોદરા આવ્યા. છેલ્લે છેલ્લે વડોદરાના ખૂબ પ્રખ્યાત, સ્ત્રી-રોગના નિષ્ણાત લેડી ડૉક્ટરને બતાવ્યું. તેમણે પણ એવું જ નિદાન કર્યું. આખરે વડોદરા ઑપરેશન કરાવવાનું નક્કી કર્યું. પરન્તુ મેં કહ્યું કે આપણે શાસ્ત્રીજીને મળીએ અને તેઓ જે આદેશ આપે તેમ કરીશું. પરન્તુ આપ અમદાવાદમાં નહોતા; તેથી મનોમન બાધા રાખી કે જો આ ઓપરેશન સફળ થાય અને જે નિરાશા ઊભી થઈ છે, તે દૂર થાય તો સુશીલાબહેનને ઓપરેશન બાદ પૂજ્યશ્રીના દર્શન કરાવવાં. આમ પૂર્ણ શ્રદ્ધાથી બાધા રાખી તા. ૨૮-૧૧-૮૧ ના રોજ દવાખાનામાં દાખલ કર્યાં. ત્યાં આપનો તેમ જ મા ગાયત્રીનો ફોટો રાખ્યો. આપનાં દર્શન કરી સુશીલાબહેન ઓપરેશન થિયેટરમાં દાખલ થયાં. અમારી આશા પર પાણી ફરી વળ્યું હતું, છતાં સૌ સૌની શ્રદ્ધા પ્રમાણે કાલાવાલા કરતાં કરતાં પ્રભુસ્મરણ કરતાં હતાં. હું આપને મનોમન ઘણી વિનવણી કરતો હતો, ત્યાં જ ઓપરેશન થિયેટરનો દરવાજો ખુલ્યો, અમારા જીવ અદ્ધર થઈ ગયા પરન્તુ ડૉક્ટર હસતા હતા અને કહેતા હતા કે ગર્ભાશય બિલકુલ સ્વચ્છ ને સુંદર છે, એક પણ ગાંઠ નથી! તો ફોટામાંની ગાંઠો કયાં ગઈ? આ જ મોટું આશ્ચર્ય! ડૉક્ટર પણ આશ્ચર્ય પામી ગયા. આવું શુભ કથન સાંભળી સર્વના પડી ગયેલા ચહેરા ઉપર પ્રસન્નતા છવાઈ ગઈ.

સુશીલાબહેને ઓપરેશન વેળાનો અનુભવ વર્ણવતાં જણાવ્યું હતું કે, ઓપરેશન થિયેટરમાં ઓપરેશન ચાલુ થયું ત્યારે આપ તથા મા ગાયત્રી મારી ચારે બાજુ ફરતા હતા, હસતા હતા. અને 'ગભરાઈશ નહિ' તેમ કહેતા હતા. ખરે જ આપ અન્તર્યામી છો.

બીજી આનન્દની જણાવું છું કે તે બહેનને આજે સારા દિવસો છે. આપના આશીર્વાદથી આપે કહેલ, 'મા સૌ સારું કરશે' મુજબ પારણું બંધાવવાનો શુભ સમય આવ્યો છે. આપના જીવનબળથી જ તે શકય બન્યું છે.

હું આપનો ખૂબ જ ઋણી છું. સુશીલાબહેને આપને જોયેલા કે દર્શન પણ કરેલાં નહિ, છતાં ઊંડા અન્તરથી, શુદ્ધ ભાવથી કરેલ મારી પ્રાર્થના સાંભળી આપની કૃપાથી જ ઓપરેશન સફળ થયું છે અને આજે ૪૨ વર્ષની ઉંમરે પારણું બંધાવાનો યોગ આવ્યો છે તે આપના આશીર્વાદનું જ ફળ છે.

સુશીલાબહેનને પ્રસૂતિ નિર્વિઘ્ને થાય, તેમ જ પુત્રરત્ન પ્રાપ્ત થાય એવા આશીર્વાદ આપશો.

અન્તમાં એક જ પ્રાર્થના કે દિન-પ્રતિદિન મા તરફની ભક્તિમાં વધારો થતો જાય એવા આશીર્વાદ માગું છું.

લિ૦
હર્ષદના પ્રણામ.'

કહેવાય છે ને કે દરેક મનુષ્યના હૃદયમાં પરમાત્મા રહેલો છે. આત્મા એ જ પરમાત્મા છે. એટલે પરમાત્માને વસવાનું સ્થાન હૃદય છે – માનવીનું હૃદય. એટલે માનવીના એ હૃદય – કે જ્યાં પરમાત્મા બિરાજમાન છે – માંથી નિજને ખાતર તેમજ અન્યને ખાતર નીકળતી શુભ ભાવનાઓ, સંકલ્પો, શુભેચ્છાઓ મનુષ્યના એક યા અન્ય કાર્યો એક યા અન્ય મિષે સફળ બનાવે છે, તેનું મૂળભૂત રહસ્ય આ જ છે. હૃદય એ પરમાત્માનું નિવાસસ્થાન છે, તેથી મનુષ્યની શુભ ભાવનાઓ, પ્રાર્થનાઓ ફળે છે. અને હૃદયમાં પ્રભુ બિરાજમાન છે, તેથી જ માનવીને નિજને ખાતર તો ખરું જ, પણ અન્યને ખાતર પણ શુભ ભાવ ધારણ કરવાનું, પ્રાર્થના કરવાનું સૂઝે છે.

બીજું કે આથી પરમાત્મા રાજી થાય છે. કઈ રીતે ? એક માનવીની શુભ પ્રાર્થના અન્ય માનવીને એક યા અન્ય રૂપે સહાયક બને છે ને એથી માનવી જે રાહત, મુક્તિ કે સફળતા–હાશનો જે અનુભવ કરે છે અને એમાંથી જે પ્રસન્નતા નિષ્પન્ન થાય છે તે પ્રસન્નતા પ્રભુની–પરમાત્માની પ્રસન્નતા છે. પરમાત્માનો એક માનવી પરમાત્માના જ બીજા માનવીને પ્રસન્ન, સુખી કરે છે એટલે સમીકરણની રીતે જોઈએ તો પરમાત્મા પરમાત્મા વડે પ્રસન્ન થાય છે. અર્થાત્ પરમાત્મા સ્વયં પ્રકાશિત છે, પરમાત્મા પ્રેમપુંજ છે, પ્રેમ વડે જ પરમાત્મા પ્રસન્ન થાય છે, પરમાત્મા, શાંતિ, સમતા, શુભ, શુચિતા ( પવિત્રતા ) ને સાત્ત્વિકતાને આધીન છે.

' અહમ્ બ્રહ્માસ્મિ ' જેવી ઉપનિષદ વાણીનો પ્રત્યક્ષ–સાક્ષાત્ અનુભવ માનવી આવી શુભ ભાવનાઓ, સંકલ્પો, પ્રાર્થનાઓમાંથી જ મેળવી શકશે એમ લાગે છે. ' અહમ્ બ્રહ્માસ્મિ ' એટલે ' હું બ્રહ્મ છું'. માનવી પોતે બ્રહ્મ છે–પરબ્રહ્મ છે. અર્થાત્ એનામાં પરમાત્મા વસે છે. પરમાત્મા એનામાં ( મનુષ્યમાં ) વસે છે એનો પ્રત્યક્ષ અનુભવ કરવો ઘટે. અર્થાત્ પરમાત્માનો સાક્ષાત્કાર પામવો જોઈએ. પરમાત્માનો સાક્ષાત્કાર પામવા માટે, બ્રહ્મ–પરબ્રહ્મનો સાક્ષાત્કાર પામવા માટે, એનાં પ્રત્યક્ષ દર્શન કરવા માટે મનુષ્યના હૃદયમાંથી ઉદ્‌ભવતી આવી શુભ ભાવનાઓ, સંકલ્પો, પ્રાર્થનાઓ પરબ્રહ્મનાં દર્શન કરવાના સોપાનરૂપ બની શકે છે, તેનો ખ્યાલ આવા પ્રસંગો પરથી આવી શકે છે.

□



' ગુરુકૃપા હિ કેવલમ્ '

મીના ટ્રેડર્સ

"ભગવતી"

❁

ઉદવાડા–Rs. ૩૯૬૧૮૫

જુલાઈ ૧૯૮૩.

# પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં....



[ ૧ ]

ગોવિંદભાઈ છેલ્લા ૪–૫ મહિનાથી ગુરુદેવના સાન્નિધ્યનો લ્હાવો માણવા કુટિરમાં આવે છે. તેઓએ ગયા અઠવાડિયે જ ગુરુદેવની ચરણવંદના કરતાં હર્ષાશ્રુ વહાવતાં કહ્યું, "ગુરુદેવ, આપે મારી જિંદગી બચાવી લીધી અને કુટુંબને બરબાદીમાંથી ઉગારી લીધું." થોડી વારે શાતા વળતાં બહેનજીએ તેમની વિતક જણાવવા કહ્યું.

" હું અબુંદા મીલમાં કલાર્કની નોકરી કરું છું. મીલમાં ગેરરીતિ અને અન્યાયને કારણે ગુરખા સાથે ઝઘડો થયો. અને તેમાં તેણે મારા પર કોઈક તાંત્રિક પ્રયોગ કર્યો, જેથી મારાથી મીલમાં કામ પર જઈ શકાતું નહિ. ઘરેથી જમવાનું ટીફીન લઈ સવારે સાયકલ પર ઘરેથી મીલમાં જવા નીકળું પરંતુ રસ્તામાં જ મારું મન બીજી તરફ જવા દબાણ કરે. સાયકલ પર ગામમાં રખડયા કરું. સાંજે મીલમાંથી છૂટવાને ટાઈમે ઘરે આવી જાઉં. મીલમાં મારી ગેરહાજરી નોંધાવા લાગી. હાજરી ન હોય એટલે પગાર પણ ન મળે. દેવું વધી ગયું. સાથે ઘરમાં કંકાસ વધી ગયો. દુઃખ-કંકાસ ભૂલવા વ્યસને પીછો કર્યો. છેલ્લા એક વર્ષથી તો પરિસ્થિતિ સાવ વણસી ગઈ હતી અને આપઘાત કરી આ પરિસ્થિતિમાંથી છૂટકારો મેળવવાનો નિર્ણય કર્યો હતો.

ઘણી વખતે મીલમાં જાઉં, કલાક કામ કરું અને અંદરથી બેચેની વધી જાય અને રજા મૂકીને ભટકવા જતો રહું. ઘરનાંએ ઘણી બાધા-આખડીઓ કરી, ભૂવા-જતિમાં પણ ઘણા જ પૈસા ખર્ચ્યા. કાંઈ ફેર ન પડયો. નોકરી પર જવાનું મન જ ન થાય. અંદરથી મને સતત ડર લાગ્યા કરે. દુઃખ અને કલેશમાં દિવસો પસાર થતા હતા. ત્યાં એક દિવસ મારી પત્ની દશરથભાઈના પત્નીને મળ્યાં અને આત્મીયતા કેળવાતાં દુઃખની વાત જણાવી. તેમણે ગુરુજી પાસે જઈ માર્ગદર્શન મેળવવા જણાવ્યું અને આપનું સરનામું આપ્યું.

આજથી ૪ મહિના પહેલાં હું અને મારી પત્ની આપને સાંજે કુટિરમાં મળ્યા. આપે જીવનજળ આપ્યું, આશીર્વાદ આપ્યા અને ગાયત્રી મંત્રની ૩ માળા કરવા જણાવ્યું. અને આપનો તથા માતાજીનો ફોટો આપ્યો.

બીજે દિવસથી મન પર ઘેરાયેલું વિષાદનું વાદળ હટવા લાગ્યું અને કામ પર જવાની ઇચ્છા થઈ. તે દિવસથી આજ દિન સુધી એક પણ દિવસની રજા પાડયા વગર નિયમિત કામ પર જાઉં છું. મારા સહકર્મચારીઓ અને ઑફિસના ઉપરી અધિકારીઓ મારા વર્તનમાં થયેલા ફેરફારથી અને મારી હાજરીથી ખુશ થઈ ગયા છે.

ગુરુજી આપ જો મને એક જ મહિનો મોડા મળ્યા હોત તો મેં મારી જિંદગી ગુમાવી હોત અને કુટુંબની બરબાદી નોતરી હોત. આપને મારા લાખ લાખ વંદન.

## [ ૨ ]

ભાનુબેન મિસ્ત્રી તેમના પતિ શ્રી ધનસુખભાઈ અને તેમનો પરિવાર ગુરુદેવના પરમચાહક અને ઉપાસક છે. મા ગાયત્રીની તેઓ નિયમિત ઉપાસના કરે છે અને અવારનવાર ગુરુદેવના દર્શને આવે છે. ગુરુદેવના સાન્નિધ્યમાં માનસિક શાંતિનો અનુભવ મેળવે છે. ભાનુબેન તેમની દીકરીના વિવાહ સમયે જમણનો અને પાપડ કર્યાનો પ્રસંગ વર્ણવતાં ભાવવિભોર બની ગયાં અને હર્ષાશ્રુ વહાવવા લાગ્યાં. તેઓએ જણાવ્યું,

" બેબીના ચાંલ્લા કરવા અમે દેશમાં – બીલીમોરા ગયા હતા. ૨૫ માણસની રસોઈ બનાવી હતી. કારણકે ૧૫-૨૦ માણસ આવવાનો જ અંદાજ હતો. પરંતુ જમવા ટાણે અનાયાસે ૪૦-૫૦ માણસો થઈ ગયા. ગુરુદેવનું નામસ્મરણ કરતાં તેમણે આશીર્વાદરૂપે આપેલ ગુલાબના હારમાંથી ગુલાબની પત્તીઓ લઈ રસોઈના વાસણમાં પધરાવી. ગુરુદેવ અને માતાજીને પધારવા વિનંતી કરી.

અમારા સૌના આશ્ચર્ય વચ્ચે ૫૦ માણસો શાંતિથી જમ્યા છતાં પણ ૧૦–૧૫ માણસની રસોઈ વાસણમાં હતી. મારા સમસ્ત પરિવારનું મસ્તક આપના ચરણમાં ઝૂકી ગયું.

બીજો એક પ્રસંગ છે, લગ્નના પાપડ કરતી વખતનો. અમે ઘરનાં સગાંસબંધી ૧૦–૧૫ બહેનો લગ્નના પાપડ–વડીઓ કરતાં હતાં. ઘરની ઓસરીમાં પાપડ વણીને સૂકવતાં હતાં. તેવામાં પવન જોરથી ફૂંકાવા લાગ્યો અને પવન સાથે ધૂળની ડમરીઓ ઉડવા લાગી. પાપડનો વરો બગડે અને પાપડમાં ધૂળ–કાંકરી વગેરે ભળવાનો સંભવ ઊભો થયો.

મેં મનોમન ગુરુદેવને પ્રાર્થના કરી, મંત્રજાપ ચાલુ કર્યા અને સમય સાચવી લેવા ગુરુદેવને વિનંતી કરી. મારા કાકાનું અને મારી બાનું ઘર, કે જ્યાં અમે પાપડ વણતાં હતાં તે એક જ કમ્પાઉન્ડમાં, સૌના આશ્ચર્ય વચ્ચે પવન અને ધૂળની ડમરી કાકાના ઘર આગળ આવીને અટકી જાય, આગળ જો જરા પણ વધે તો પાપડ બધા ઊડી જાય અને પાપડમાં ધૂળ ભળી જાય. મારો એક પણ પાપડ ઉડયો નહિ કે ધૂળ ભરાઈ નહિ. પાપડ વણવા આવેલ સહુ બહેનો આશ્ચર્યચકિત થઈ ગયાં અને મારું મસ્તક ગુરુદેવના ચરણમાં ઝૂકી ગયું અને સહુને મારી શ્રદ્ધાની અને ગુરુદેવના આશીર્વાદની પ્રતીતી થઈ.''

## [ ૩ ]

સુરતના શ્રી હસમુખભાઈ બામણિયા ભાવવિભોર બની તેમના અનુષ્ઠાન દરમિયાનના અનુભવો વર્ણવતાં કહે છે...

"ઈ. સ. ૧૯૮૨ના આસો નવરાત્રિમાં પૂ. ગુરુદેવના આશીર્વાદ લઈને મેં અને મારી પત્નીએ અનુષ્ઠાનનો આરંભ કર્યો. અમારો દૈનિક નિત્યક્રમ પૂજા–પાઠ–જપ ધાર્મિક કાર્યો વિગેરે સાથે જ કરીએ છીએ. તે જ રીતે અનુષ્ઠાન પણ સાથે જ હંમેશની મુજબ શરૂ કર્યું. દૈનિક નિત્યક્રમના જપ કરતી વેળા પૂ. ગુરુદેવ ને માતાજીની પ્રાર્થના કરી તેમનું આહ્વાન કરી જપ શરૂ કરીએ કે બસ, આંખ સામે તેમના દર્શનની ઝાંખી શરૂ થઈ જાય. દરરોજ નિત્ય પૂજામાં અમે આ રીતે દર્શન કરીએ છીએ.

અનુષ્ઠાન શરૂ કર્યું તે દિવસથી જ જપમાં અનેરો આનન્દ આવવા લાગ્યો, હંમેશની મુજબ તેમનાં દર્શન પણ અલૌકિક આનન્દ આપવા લાગ્યા.

હવે બન્યું એવું કે અનુષ્ઠાનના ત્રીજે–ચોથે દિવસે પ્રાતઃકાળે અમે બન્ને પતિ–પત્ની સ્નાનાદિથી પરવારી ચોથે માળે અમારા પૂજાના રૂમમાં ગયા. ઓરડાની લાઈટ કરતાં જ અમારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ. પૂજાના રૂમમાં ચારથી પાંચ ઈંટ જેટલું પાણી ભરાયેલું હતું. ક્ષણભર વિચાર આવી ગયો કે શું હશે, પણ વધારે વિચાર કરવાનો કે પાણી ઉલેચવાનો સમય નહોતો, જો એમ કરવા જઈએ તો પૂજાનો–જપનો સમય વહી જતો હતો. તેથી જે હશે તે, માતાજીની ને ગુરુજીની જેવી મરજી. જે થવાની હોય તે થાય, તેમ મનમાં સંકલ્પ કરીને હું ને મારી પત્ની બન્ને જણાં પાણીમાં બેસી ગયા. હંમેશની મુજબ પૂજા–પ્રાર્થના–આહ્વાન કરી જપ શરૂ કર્યા. ખૂબ જ આનન્દપૂર્વક પૂરા પણ કર્યા. ત્રણથી ચાર કલાક એ રીતે પાણીમાં જ બેસીને જપ પૂરા કરી અમે ઊભા થયા.

ત્યાર પછી તપાસ કરાવી તો માળ ઉપર પાણીની ટાંકી હતી તેનો પાઈપ ફાટી ગયેલો અને તે ટાંકીનું પાણી આખી રાત અમારા પૂજાના રૂમમાં ટપકતું રહ્યું ને પરિણામે ચારથી પાંચ ઈંચ જેટલું પાણી આખા ઓરડામાં ભરાઈ ગયું. પણ જોવાની ખૂબી એ હતી કે આ પાઈપ નીચેના બધા જ માળના ઓરડાઓમાં પણ સંલગ્ન હતો છતાં કોઈ ઓરડામાં એક પણ ટીપું પાણી નહિ.

એથી યે મોટું અચરજ ને માતાજીની કૃપા તો એ કે પૂજાના ઓરડામાં અનાજના મોટા મોટા પીપો ભરેલા હતા. અમને હતું કે અનાજના પીપમાં પાણી નીચેથી ગયુ હશે તો અનાજ બગડી જશે, જેથી પીપ ખોલીને જોયું તો એક પણ પીપમાંના અનાજમાં પાણીનું એક ટીપું યે આવ્યું નહોતું!

મારી પત્નીને પગે વા જેવી તકલીફ છે. ઘૂંટણો વારે વારે દુઃખી આવે છે. ચલાય નહિ એવી એની ફરિયાદ તે વખતે હતી. અને ત્રણ–ચાર કલાક પાણીમાં બેસી રહે તો એની તકલીફ કેટલી વધે તે તો બહુ દેખીતું છે. તમે નહિ માનો, પણ એને એક રતિભાર જેટલો પણ દુખાવો થયો નહિ.

માતાજીની લીલા અકળ છે, પણ એની કૃપા તો એથી યે વિશેષ છે.

બીજો એક અનુભવ કહું :

ઈ. સ. ૧૯૮૩ના ચૈત્રી નવરાત્રનું અનુષ્ઠાન પણ મેં અને મારી પત્નીએ પૂ. ગુરુદેવના આશીર્વાદ લઈને શરૂ કર્યું. હંમેશની મુજબ પૂજન–પ્રાર્થના આહ્વાન કરી જપ શરૂ કરીએ એટલે જાણે પૂ. ગુરુદેવે અમારા આમંત્રણનો સ્વીકાર કર્યો હોય તેમ ધ્યાનમાં–જપમાં અમને આવીને દર્શન આપતા. તે કઈ રીતે? પૂ. ગુરુદેવ અમારી સાથે અબોટિયુ પહેરી, આસન પાથરી પોતે પણ અનુષ્ઠાનના જપ કરી રહ્યા છે, તેવા દર્શન થતા. રોજની એકત્રીસ માળા કરતા, પણ અમને તો જાણે એવું જ લાગતું કે, અમે દરરોજની નિત્યક્રમની જ માળા કરીએ છીએ એટલી સરળતા, સહજતા જપમાં આવી જતી હતી.

મને લાગે છે કે શરીર ભલે પાણીમાં બેસે, પણ મનને પાણીમાં બેસવા દીધા વિના, ગુરુદેવના આશીર્વાદમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ મૂકી આપણી ઉપાસના ચાલુ રાખીશું તો જરૂર ઈશ્વરના –ગુરુના પ્યારા બનીશું.'

## [ ૪ ]

ઈશ્વરનાં દર્શન અતિ દુર્લભ હોય છે. અતિ સહેલાઈથી, સરળતાથી, ત્વરાથી કંઈ પરમાત્માનાં દર્શન થઈ શકતાં નથી. એને માટે તો જન્મોજન્મનાં સંચિત પુણ્ય કર્મો ને સાત્ત્વિક ઉપાસના અનિવાર્ય આવશ્યક બની રહે છે. અસાત્ત્વિક ઉપાસના કંઈ પરમાત્માનાં દર્શન ન જ કરાવી શકે.

અસાત્ત્વિક ઉપાસના એટલે મેલી વિદ્યા કે તાન્ત્રિક સાધના. આવી સાધના વ્યક્તિને શાશ્વત આનન્દ કે સુખ આપી શકતી નથી, તેમ જ પરમાત્માનાં દર્શન કરાવવા પણ સમર્થ નથી. આવી સાધના કરનારથી તો પરમાત્મા ઉલટા દૂર ભાગે. એટલું જ નહિ, મેલી વિદ્યા કે તાન્ત્રિક સાધના કરનાર વ્યક્તિ સાત્ત્વિક ઉપાસનાના વિસ્તારમાં આવી શકતી નથી, તેમજ તેનાં સાત્ત્વિક ને પવિત્ર આંદોલનો ઝીલી શકતી નથી. ગાયત્રી–ઉપાસના કે અન્ય કોઈ સાત્ત્વિક ઉપાસના તાન્ત્રિક સાધનાની સિદ્ધિને કે આંદોલનોને બાળીને ભસ્મ કરી નાખે છે, અને વ્યક્તિને દાહકતાનો અનુભવ કરાવે છે.

ત્યાર પછી તપાસ કરાવી તો માળ ઉપર પાણીની ટાંકી હતી તેનો પાઈપ ફાટી ગયેલો અને તે ટાંકીનું પાણી આખી રાત અમારા પૂજનના રૂમમાં ટપકતું રહ્યું ને પરિણામે ચારથી પાંચ ઈંચ જેટલું પાણી આખા ઓરડામાં ભરાઈ ગયું. પણ જોવાની ખૂબી એ હતી કે આ પાઈપ નીચેના બધા જ માળના ઓરડાઓમાં પણ સંલગ્ન હતો છતાં કોઈ ઓરડામાં એક પણ ટીપું પાણી નહિ.

એથી યે મોટું અચરજ ને માતાજીની કૃપા તો એ કે પૂજાના ઓરડામાં અનાજના મોટા મોટા પીપો ભરેલા હતા. અમને હતું કે અનાજના પીપમાં પાણી નીચેથી ગયું હશે તો અનાજ બગડી જશે, જેથી પીપ ખોલીને જોયું તો એક પણ પીપમાંના અનાજમાં પાણીનું એક ટીપું યે અડયું નહોતું!

મારી પત્નીને પગે વા જેવી તકલીફ છે. ઘૂંટણો વારે વારે દુઃખી આવે છે. ચલાય નહિ એવી એની ફરિયાદ તે વખતે હતી. અને ત્રણ-ચાર કલાક પાણીમાં બેસી રહે તો એની તકલીફ કેટલી વધે તે તો બહુ દેખીતું છે. તમે નહિ માનો, પણ એને એક રતિભાર જેટલો પણ દુખાવો થયો નહિ.

માતાજીની લીલા અકળ છે, પણ એની કૃપા તો એથી યે વિશેષ છે.

બીજો એક અનુભવ કહું :

ઈ. સ. ૧૯૮૩ના ચૈત્રી નવરાત્રનું અનુષ્ઠાન પણ મેં અને મારી પત્નીએ પૂ. ગુરુદેવના આશીર્વાદ લઈને શરૂ કર્યું. હંમેશની મુજબ પૂજન-પ્રાર્થના આહ્વાન કરી જપ શરૂ કરીએ એટલે જાણે પૂ. ગુરુદેવે અમારા આમંત્રણનો સ્વીકાર કર્યો હોય તેમ ધ્યાનમાં-જપમાં અમને આવીને દર્શન આપતા. તે કઈ રીતે? પૂ. ગુરુદેવ અમારી સાથે અબોટિયું પહેરી, આસન પાથરી પોતે પણ અનુષ્ઠાનના જપ કરી રહ્યા છે, તેવા દર્શન થતા. રોજની એકત્રીસ માળા કરતા, પણ અમને તો જાણે એવું જ લાગતું કે, અમે દરરોજની નિત્યક્રમની જ માળા કરીએ છીએ એટલી સરળતા, સહજતા જપમાં આવી જતી હતી.

મને લાગે છે કે શરીર ભલે પાણીમાં બેસે, પણ મનને પાણીમાં બેસવા દીધા વિના, ગુરુદેવના આશીર્વાદમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ મૂકી આપણી ઉપાસના ચાલુ રાખીશું તો જરૂર ઈશ્વરના -ગુરુના પ્યારા બનીશું.'

## [ ૪ ]

ઈશ્વરનાં દર્શન અતિ દુર્લભ હોય છે. અતિ સહેલાઈથી, સરળતાથી, ત્વરાથી કંઈ પરમાત્માનાં દર્શન થઈ શકતાં નથી. એને માટે તો જન્મોજન્મનાં સંચિત પુણ્ય કર્મો ને સાત્ત્વિક ઉપાસના અનિવાર્ય આવશ્યક બની રહે છે. અસાત્ત્વિક ઉપાસના કંઈ પરમાત્માનાં દર્શન ન જ કરાવી શકે.

અસાત્ત્વિક ઉપાસના એટલે મેલી વિદ્યા કે તાન્ત્રિક સાધના. આવી સાધના વ્યક્તિને શાશ્વત આનન્દ કે સુખ આપી શકતી નથી, તેમ જ પરમાત્માનાં દર્શન કરાવવા પણ સમર્થ નથી. આવી સાધના કરનારથી તો પરમાત્મા ઉલટા દૂર ભાગે. એટલું જ નહિ, મેલી વિદ્યા કે તાન્ત્રિક સાધના કરનાર વ્યક્તિ સાત્ત્વિક ઉપાસનાના વિસ્તારમાં આવી શકતી નથી, તેમજ તેનાં સાત્ત્વિક ને પવિત્ર આંદોલનો ઝીલી શકતી નથી. ગાયત્રી-ઉપાસના કે અન્ય કોઈ સાત્ત્વિક ઉપાસના તાન્ત્રિક સાધનાની સિદ્ધિને કે આંદોલનોને બાળીને ભસ્મ કરી નાખે છે, અને વ્યક્તિને દાહકતાનો અનુભવ કરાવે છે.

એવી વિદ્યા કે તાન્ત્રિક સાધના સાધકને ક્ષણિક સુખ કે સિદ્ધિ આપે છે. એમાં ઉપાસકનું અહિત થવાનો પણ સંભવ રહે છે. જ્યારે સાત્ત્વિક ઉપાસના શાશ્વત ને ચિરંજીવ સુખ ને સિદ્ધિ આપે છે. એમાં ઉપાસકનો આત્મિક વિકાસ થઈ જીવન સમૃદ્ધ સમુન્નત ને ઉજ્જવળ બને છે.

તાન્ત્રિક સાધના કરનાર એક વ્યક્તિએ પૂ. શ્રી ગુરુદેવની મુલાકાત લીધેલી ને તેને જે અનુભવ થયો તેનું વર્ણન કરતાં ગુરુદેવે જણાવ્યું હતું.

મુંબઈમાં મારી મુલાકાતનો છેલ્લો દિવસ હતો. છેલ્લા જ એક મુલાકાતી ભાઈ હતા. તે ઓરડામાં આવ્યા. ને મારી નજીક બેઠા, એટલે મેં પૂછ્યું, 'બોલો, ભાઈ, શું કામ છે?' તેણે કહ્યું: 'માતાજીનાં દર્શન કરવાં છે. માતાજીનાં દર્શન કરાવો.' અચાનક જ મને આંતરપ્રેરણા થઈ ને મેં તેના માથે હાથ મૂક્યો. હાથ મૂકતાંની સાથે જ તે એકદમ અસ્વસ્થ ને આકુળવ્યાકુળ થઈ ગયા ને કહેવા લાગ્યા, 'શાસ્ત્રીજી, હું બળું છું. બળું છું, હાથ લઈ લો.' તત્ક્ષણ જ મને ખ્યાલ આવી ગયો તેથી મેં એને પૂછ્યું, 'ભાઈ, તમે તાન્ત્રિક છો?' તેણે કહ્યું, 'હા.' 'તો પછી તમે અહીં શા માટે આવ્યા?' એવો મેં તેમને પ્રશ્ન પૂછ્યો પણ તેનો તેમણે કોઈ ઉત્તર ન આપ્યો એટલે મેં કહ્યું કે, 'જાવ. બહાર જઈ થોડીવાર બેસો ને પછી જજો.' અને તે મારા ઓરડાની બહાર ચાલ્યા ગયા.

## [ ૫ ]

આધ્યાત્મિકતાનું-ઉપાસનાનું જગત અલૌકિક, અગમ્ય ને અકલ્પ્ય છે. તેમાં વિહાર કરનારને પણ એવા જ અલૌકિક, અગમ્ય ને અકલ્પ્ય અનુભવો થાય છે.

માતાજીની શ્રદ્ધાપૂર્વક, શરણાગતિ સ્વીકારીને જે કોઈ વ્યક્તિ દૈનિક કે પછી ચોક્કસ આયોજન-પૂર્વકની ઉપાસના કરે, કે પછી સહજ ભાવે જ માતાજીનું સ્મરણ કે પૂજન-અર્ચન કરે એટલા માત્રથી માતાજીની કૃપાનો, તેની સૂક્ષ્મ હાજરીનો અનુભવ થાય જ છે.

ડૉ. શ્રીમતી કુસુમબહેન શાહ તેમનો અનુભવ વર્ણવતાં જણાવે છે:

'ઈ. સ. ૧૯૮૩ ના ચૈત્રી નવરાત્ર દરમ્યાન, હરહંમેશની જેમ અનુષ્ઠાન કરી નહોતી શકી. પણ નવરાત્રના પ્રથમ દિવસે મેં એક હાર – ડમરો અને ગુલાબનો – માતાજીને ચઢાવેલો. મારે ત્યાં માતાજીનો ઊંચો-મોટો ફોટો છે, એટલે માળીને મેં એ પ્રમાણે મોટો હાર બનાવવાનું જ કહ્યું હતું પણ માળીએ હાર નાનો બનાવ્યો. એ હાર મેં માતાજીને ચઢાવ્યો તો ખરો, પણ માતાજીનાં ચરણો સુધી પહોંચવાને બદલે એ હાર માતાજીના ગળા સુધી જ પહોંચ્યો. હાર ચડાવી મેં માતાજીના ફોટા સામે નજર કરી. તેનાં દર્શનથી, તેની અમી ઝરતી આંખોથી હું પુલકિત તો થઈ ગઈ, પણ માતાજીને ગળા સુધી જ આવેલા હારને જોઈને મને થોડોક વસવસો રહી ગયો. પણ શું કરું? માતાજીને પ્રણામ કરી હું તો મારા કાર્યમાં ગૂંથાઈ ગઈ...

સાંજે આવીને પૂજારૂમમાં ગઈ તો વાતાવરણ અતિ સુવાસમય હતું, હાર મોટો થયો હતો અને ફૂલ સ્હેજ પણ કરમાયેલાં લાગતાં ન હતાં. બીજે દિવસે સવારે એ હાર આખા ફોટાને કવર થાય એટલો લાંબો થઈ ગયો હતો એટલે માની પ્રત્યક્ષ હાજરી-કૃપા પ્રસાદી માની તે હાર મેં ફોટા પર રહેવા જ દીધો પછી તો એ હાર માતાજીના ફોટા પાસે નીચે મૂકેલ ગુરુદેવના ફોટાને પણ આખો

વિંટળાઈ ગયો હતો. દરરોજ બીજો હાર તો ચઢાવું પરંતુ આ હાર મેં ફોટા પર નવરાત્રિ દરમિયાન રહેવા જ દીધો. ઘરમાં તો હું અને વિનોદ (મારા પતિ) બે જ જણ છીએ એટલે બીજી કોઈ શંકાને કારણ રહેતું નથી; નવાઈ તો એ હતી કે હાર લાંબો થાય પરંતુ દોરી ઢીલી પડે કે ફૂલની વચ્ચે જગ્યા રહે તેવું નહોતું થતું.

માની કૃપા પ્રસાદી અને ગુરુદેવના આશીર્વાદ સમજી એ હારને અમે સાચવી રાખ્યો છે.

□

---

જન્મ ભ્રાંતિનો જ્ઞાનહીન પડદો છે, જીવનું બંધન છે, મૃત્યુના કારણરૂપ છે...સ્વસુખનું વિસ્મરણ છે, માયાની ઠગાઈ રૂપ છે...જીવનું મમત્વ છે, અહંકારનો ગુણ છે અને ઇશ્વરનું વિસ્મરણ છે.

— સમર્થ સ્વામીરામદાસ

---


**મા ગાયત્રીની કૃપા અને પૂ. શાસ્ત્રીજીના આશિષ અમ સૌ પર અવિરતપણે વરસતા રહો એવી અભ્યર્થના સહિત.**

# NARENDRA PROCESSING INDUSTRIES

Tele. : Factory : 34066, 34067 * Resi. : C/o 24889

□

3-1, Plot No. 1, Behind Sub-Jail, Khatodra,
SURAT - 395 002

# અવકાશી ગ્રહો પર પણ પરમત્ત્વની આણ પ્રવર્તે છે!

આજકાલ લોકો જ્યોતિષશાસ્ત્રમાં ભારે રસ લેતા થઈ ગયા છે, એટલું જ નહિ, જ્યોતિષવિષયક અનેક મેગેઝિનો પણ પ્રગટ થાય છે. વર્તમાનપત્રોમાં રાશિવાર ભવિષ્ય અઠવાડિયાના ગમે તે એક દિવસે પ્રગટ કરવામાં આવે છે અને એ રાશિવાર ભવિષ્ય અને જ્યોતિષવિષયક માહિતીઓ વાંચવામાં લોકો ઘણો રસ લે છે. રાશિવાર ભવિષ્ય રાશિનું સામાન્ય ગ્રહકથન હોય છે, અને તે તે રાશિની વ્યક્તિઓને માટે બધી જ રીતે બંધબેસતું આવતું હોય છે એવું નથી હોતું. એમાં જન્મના ગ્રહો વગેરે બાબતોને પણ ધ્યાનમાં લેવામાં આવે છે, એ એક બીજો વિષય છે. એની વીગતોમાં અહીં ઊતરવાની જરૂર નથી, પણ કહેવાનું તાત્પર્ય એ કે રાશિનું સમાન્ય ભવિષ્યકથન વાંચીને પોતાને અનકૂળ હોય તો રાજી થાય છે. પ્રતિકૂળ હોય તો ઉદાસ–નિરાશ થઈ જાય છે, અને વ્યક્તિના મન પર બિનજરૂરી એવી આશંકા અને ભયની લાગણી સતત સવાર થઈ ને પડી રહે છે.

હા, વ્યક્તિના ગ્રહો પ્રમાણે સારા–માઠા અનુભવો બને છે ખરા, જ્યોતિષશાસ્ત્ર એ એક સચોટ શાસ્ત્ર છે તેની ચોક્કસ ગણતરી કરીને વ્યક્તિને માર્ગદર્શન આપવામાં આવે તો તે ઘણું ઉપયોગી –ઉપકારક બની શકે છે, પણ વ્યક્તિને ઈશ્વરમાં શ્રદ્ધા હોય, પોતાના ઈષ્ટની શરણાગતિ સ્વીકારી હોય અને તેનું યથેપ્સિત સ્મરણ–જપ, પૂજન, અર્ચન અવિરત થતું હોય તો ગ્રહોની માઠી અસરોની તીવ્રતા ઓછી થાય છે કે દૂર થાય છે. શૂળીનો ઘા સોયથી દૂર થાય. કારણ કે અવકાશી ગ્રહો સમેત આખી યે સૃષ્ટિ પરમતત્ત્વના નિયંત્રણ અને સંચાલન હેઠળ છે. અવકાશી ગ્રહો પર પણ પરમતત્ત્વની આણ પ્રવર્તે છે. વ્યક્તિએ શ્રદ્ધા અને શરણાગતિ દ્વારા ઇષ્ટ કૃપા પ્રાપ્ત કરી હોય તો ગ્રહોની અનિષ્ટ અસરો દૂર થવા કે એમાંથી વ્યક્તિનો બચાવ થવા પૂરેપૂરો સંભવ છે અને ગ્રહો અનુકૂળ હોય તો પણ વ્યક્તિના ભૌતિક તેમ જ અધ્યાત્મિક પુરુષાર્થ દ્વારા એમાં બહુ મોટો ફાયદો થઈ શકે છે એમાં શંકા નથી.

વ્યક્તિના ગ્રહો અમુક સમયે અકસ્માત સૂચવતા હોય તો પણ ઇષ્ટનું સ્મરણ હોય તો એ અકસ્માતની સંભાવના ને શક્યતામાંથી ઊગરી જઈ શકાય છે, તેનું નિદર્શન કરતો એક પ્રસંગ અત્રે પ્રસ્તુત કર્યો છે.

ગણદેવીના શ્રી ઠાકોરભાઈ મહેતા લખી જણાવે છે :

'એક વાર જિજ્ઞાસાથી–કુતૂહલથી અમસ્તો જ 'જ્યોતિષદીપ' વાંચતો હતો. રાશિફળ વાંચ્યું. એમાં લખ્યું હતું કે તમારે પ્રવાસ કરવો નહિ. અકસ્માતનો યોગ છે. ત્યારથી મારા મગજ ઉપર અસર થઈ, કે મારે પ્રવાસ કરવો નહિ. હું એક દિવસ દુકાન ઉપર બેઠો હતો, ત્યાં જ મારા શેઠ આવ્યા. મને કહ્યું : 'ઠાકોરભાઈ, તા. ૭–૯–૮૨ ને મંગળવારે આપણે અમદાવાદ જવાનું છે. આપણા ગુરુદેવ શાસ્ત્રીજીનો જન્મદિવસ છે...'

મારા શેઠ કૉલેજમાં પ્રોફેસર છે. તેમ જ તેમની દુકાન પણ છે, જેમાં હુ મહેતાજી તરીકે કામ કરું છું. હું ને મારા શેઠ બન્ને ગાયત્રી માતાના ભક્તો છીએ. શાસ્ત્રીજીનો જન્મદિવસ તા. ૭–૯–૮૨ ને મંગળવારે હતો, જેથી સવારે ગુજરાત ક્વીનમાં જવાનું નક્કી કર્યું. ગુજરાત ક્વીન બીલીમોરા સવારે ૪–૨૫ આવે. મારા શેઠ બીલીમોરાથી અને હું અમલસાડથી ગાડીમાં બેસવાના હતા. મારું મગજ પેલી

વાંચેલી આગાહીમાં પરોવાયેલું હતું કે શું કરવું? જવું કે નહિ? એવી મૂંઝવણમાં હતો. મારા શેઠે ફરી પૂછ્યું ને મારાથી હા પડાઈ ગઈ.

મારા મનમાં ગાયત્રી–ચાલીસાની પંક્તિઓ ગૂંજતી હતી :

**તુમ ભક્તનકી, ભક્ત તુમ્હારે,... તુમ્હારી શક્તિ દીપે સબઠાઈ,**
**ગ્રહ નક્ષત્ર બ્રહ્માંડ ઘનેરે, સબ ગતિવાન તુમ્હારે પ્રેરે: ...**

માની ઇચ્છા પ્રમાણે જ આખી સૃષ્ટિનું સંચાલન થાય છે, તો પણ ખોટી શંકા કરવી નકામી છે. માતાજી અને ગુરુજી ઉપર વિશ્વાસ મૂકી જે થવાનું હોય તો થાય. એમ વિચારી જવાનું નક્કી કર્યું.

અને હું અમલસાડથી ગાડીમાં બેઠો. મારા નિત્યક્રમના જપ ચાલુ કર્યા. હું ગુરુજી ને માતાજીના ધ્યાનમાં હતો. સ્મરણ સતત ચાલુ હતું. એમ કરતાં કરતાં નડિયાદ આવ્યું. નડિયાદથી ગાડી ઉપડી અને બે–ત્રણ ફર્લાંગ ગઈ હશે, ત્યાં જ ગાડીને બ્રેક લાગી. અને ગાડી ઊભી રહી ગઈ. તપાસ કરતાં જણાયું કે એન્જિન ડબ્બાઓથી છૂટું પડી ગયું. ડબ્બા પાછળ રહી ગયા અને એન્જિન આગળ દોડવા લાગ્યું.

ગાડીની બ્રેકના આંચકાથી હું ધ્યાનભંગ થાઉં તે પહેલાં તો ડબ્બામાંના પેસેન્જરો એકમેક પર અથડાઈને–ઉથલીને પડયા. પણ કોઈને કાંઈ જ ઇજા ન થઈ તેમ જ ડબ્બાઓને પણ કોઈપણ જાતનું નુકસાન ન થયું. દરેક જણ વિચારતા જ રહી ગયા. માતાજીની કૃપા ને ગુરુદેવના આશીર્વાદની અદ્ભુત શક્તિ કામ કરી ગઈ! અમે એક મોટી હોનારતમાંથી બચી ગયા.

સાડા–દસ અગિયારે ગુરુદેવના નિવાસે પહોંચ્યા. ગુરુદેવને હાર પહેરાવી પગે લાગી આશીર્વાદ લઈને માતાજીનો પ્રસાદ લીધો અને બપોરે ત્રણ વાગ્યે પાછા ફરતાં ફરી ગુરુદેવના આશીર્વાદ લેવા ગયા ત્યારે ગુરુદેવને ઉપરોક્ત હકીકત જણાવી. દરેક કાર્યમાં માતાજીની પ્રેરણા ને શક્તિને કાર્યશીલ થતી જોતા ગુરુદેવે એમાં પણ માતાજીની કૃપા ને પ્રેરણાશક્તિનો જ નિર્દેશ કર્યો ને કહ્યું, 'માતાજીની કૃપા કે તમે સૌ બચી ગયા...'.

મોટર–બસ–કે ટ્રેનમાં મુસાફરી કરતા યાત્રિકો પોતપોતાનાં ઈષ્ટનું સ્મરણ ચાલુ રાખે તો એ સ્મરણનાં આંદોલનો આ રીતે એક નહિ, અનેકને અકસ્માતની બહુ મોટી સંભાવના ને શકયતામાંથી ઊગારી લે છે. માણસના જીવનની ગાડી પણ ઈષ્ટના સ્મરણના આંદોલનોથી ઊગરી જાય છે, તે નિઃશંક છે.

☐



મા ગાયત્રીની કૃપા

**શ્રી ગણેશ ટ્રેડર્સ**

**'ભગવતી'**

✻

ઉદવાડા–Rs. ૩૯૬૧૮૫

# આધ્યાત્મિક કેડી : પુરશ્ચરણના ભીતરમાં

પાંચમા પ્રકરણમાં સંક્ષુબ્ધતા શમીને એકાગ્રતા સધાઈ હતી ને ધ્યાનમગ્નતા આવતી જતી હતી, તેની સાથે જપમાં આનન્દ આવતો હતો. અલૌકિક દિવ્ય સૃષ્ટિનાં દર્શન થતાં હતાં. વિભિન્ન પક્ષીઓના અવાજો સંભળાતા હતા. શંખનાદ ને ઘંટારવ થતા હતા. મેઘગર્જના ને વીજ–ઝબકારાની સાથે તોફાની વર્ષાનો અનુભવ થતો હતો. કોઈક દૈવી આકૃતિનાં દર્શન થયાં ને દેવસ્થાનમાં ચડાવેલા હારમાં તે સમાઈ ગઈ! સાથે જ હારમાં ધ્રુજારી આવી ગઈ. એક પ્રકાશપુંજનાં દર્શન થયાં. તેથી દિવ્યાનન્દનો અનુભવ થતો હતો.

આ પ્રમાણે દિવ્ય ને અલૌકિક તેમ જ આહ્લાદક ને દિવ્યાનન્દ અર્પનારા અનુભવો હજુ યે ચાલુ જ રહ્યા હતા. અત્રે છઠ્ઠા પ્રકરણમાં તેનું આલેખન કર્યું છે.

*　　*　　*

## ૬ : દિવ્યસૃષ્ટિનું દર્શન – ૨

### * કલાત્મક કમાનોવાળાં ભવ્ય સુવર્ણમન્દિરો અને નદી, સરોવર, તળાવનાં સૌમ્ય વારિ આહ્લાદકતા અર્પતાં હતાં !

ગાયત્રી – મહામંત્રના લયબદ્ધ ઉચ્ચારો જેમ જેમ વેગવાન થતા જતા હતા તેમ તેમ અનુભૂતિઓની વિલક્ષણ સૃષ્ટિનું દૃષ્ટિ સામે અવતરણ થતું જતું. પરમાત્માની વૈભવ વેરતી સૃષ્ટિનું નિદર્શન કરતાં દિવ્ય–અલૌકિક અને અકલ્પ્ય આહ્લાદકતા અર્પતાં દશ્યોની હારમાળા રચાતી હતી ને એક પછી એક, એક પછી એક દશ્યો કોઈક ફિલ્મ જોતાં હોઈએ એમ આંખ સામેથી પસાર થતાં હતાં. જાણે કોઈક આંગળી પકડીને પારલૌકિક સૃષ્ટિનું દર્શન કરાવતું હતું! દિવ્યતા જાણે સાક્ષાત્ નજર સમક્ષ આવીને ઉપસ્થિત થઈ ગઈ હતી!

પ્રથમ નવરાત્રથી જ મંત્રોચ્ચાર વેળાએ કલાત્મક કમાનોવાળાં ભવ્ય-વિરાટ સુવર્ણમન્દિરોની એક સૃષ્ટિ જાણે અવનિ ઉપર ઊતરી આવી હતી. કલકલ ખળખળ મીઠો મધુર નાદ કરતાં વહેતાં સરોવરો, તળાવો અને નદીઓનાં સૌમ્ય વારિ આંખ આગળથી વહી જતાં હું સ્પષ્ટ જોઈ રહ્યો હતો.

જેમ મા ગાયત્રીની શાંત–સૌમ્ય સ્વરૂપની ઝાંખી થાય તેમ રમ્ય અને રૌદ્ર–ડરાવનાર સ્વરૂપની ય ક્યારેક ઝાંખી થતી હતી. રમ્ય સ્વરૂપની ઝાંખી કરવાનું ને એને જીરવવાનું સહેલું છે પણ એના રૌદ્ર સ્વરૂપનો પ્રત્યક્ષ પરચો મેળવી, એનાં દર્શન કરી એને જીરવવામાં ઉપાસકની ને એની ઉપાસનાની કસોટી છે, એમાંથી જ એ ઉપાસકે ગ્રહણ કરેલા પ્રપત્તિના ઊંડાણનો તાગ મેળવી શકાય છે. પરમ તત્ત્વની સમ્પૂર્ણ શરણાગતિ સ્વીકાર્યા બાદ એના રૌદ્ર–રમ્ય બંને સ્વરૂપોને જીરવવાની ઉપાસકમાં હામ હોવી જ જોઈએ. એટલે જ કદાચ મને ઘણીવાર અકલ્પ્ય એવી કોઈ માના કઢંગા સ્વરૂપનાં દર્શન થતાં હું ગભરાઈ ઊઠતો. મા... મા ... પોકારી ઊઠતો. અનેકવાર આવું દશ્ય હું જોતો હતો. અનિચ્છનીય ને

# આધ્યાત્મિક કેડી : પુરશ્ચરણના ભીતરમાં

પાંચમા પ્રકરણમાં સંક્ષુબ્ધતા શમીને એકાગ્રતા સધાઈ હતી ને ધ્યાનમગ્નતા આવતી જતી હતી, તેની સાથે જપમાં આનન્દ આવતો હતો. અલૌકિક દિવ્ય સૃષ્ટિનાં દર્શન થતાં હતાં. વિભિન્ન પક્ષીઓના અવાજો સંભળાતા હતા. શંખનાદ ને ઘંટારવ થતા હતા. મેઘગર્જના ને વીજ–ઝબકારાની સાથે તોફાની વર્ષાનો અનુભવ થતો હતો. કોઈક દૈવી આકૃતિનાં દર્શન થયાં ને દેવ-સ્થાનમાં ચડાવેલા હારમાં તે સમાઈ ગઈ! સાથે જ હારમાં ધ્રુજારી આવી ગઈ. એક પ્રકાશપુંજના દર્શન થયાં. તેથી દિવ્યાનન્દનો અનુભવ થતો હતો.

આ પ્રમાણે દિવ્ય ને અલૌકિક તેમ જ આહ્લાદક ને દિવ્યાનન્દ અર્પનારા અનુભવો હજુ યે ચાલુ જ રહ્યા હતા. અત્રે છઠ્ઠા પ્રકરણમાં તેનું આલેખન કર્યું છે.

* * *

## ૬ : દિવ્યસૃષ્ટિનું દર્શન – ૨

### * કલાત્મક કમાનોવાળાં ભવ્ય સુવર્ણમન્દિરો અને નદી, સરોવર, તળાવનાં સૌમ્ય વારિ આહ્લાદકતા અર્પતાં હતાં !

ગાયત્રી – મહામંત્રના લયબદ્ધ ઉચ્ચારો જેમ જેમ વેગવાન થતા જતા હતા તેમ તેમ અનુભૂતિઓની વિલક્ષણ સૃષ્ટિનું દૃષ્ટિ સામે અવતરણ થતું જતું. પરમાત્માની વૈભવ વેરતી સૃષ્ટિનું નિદર્શન કરતાં દિવ્ય–અલૌકિક અને અકલ્પ્ય આહ્લાદકતા અર્પતાં દૃશ્યોની હારમાળા રચાતી હતી ને એક પછી એક, એક પછી એક દૃશ્યો કોઈક ફિલ્મ જોતાં હોઈએ એમ આંખ સામેથી પસાર થતાં હતાં. જાણે કોઈક આંગળી પકડીને પારલૌકિક સૃષ્ટિનું દર્શન કરાવતું હતું! દિવ્યતા જાણે સાક્ષાત્ નજર સમક્ષ આવીને ઉપસ્થિત થઈ ગઈ હતી!

પ્રથમ નવરાત્રથી જ મંત્રોચ્ચાર વેળાએ કલાત્મક કમાનોવાળાં ભવ્ય-વિરાટ સુવર્ણમન્દિરોની એક સૃષ્ટિ જાણે અવનિ ઉપર ઊતરી આવી હતી. કલકલ ખળખળ મીઠો મધુર નાદ કરતાં વહેતાં સરોવરો, તળાવો અને નદીઓનાં સૌમ્ય વારિ આંખ આગળથી વહી જતાં હું સ્પષ્ટ જોઈ રહ્યો હતો.

જેમ મા ગાયત્રીની શાંત–સૌમ્ય સ્વરૂપની ઝાંખી થાય તેમ રમ્ય અને રૌદ્ર–ડરાવનાર સ્વરૂપની ય ક્યારેક ઝાંખી થતી હતી. રમ્ય સ્વરૂપની ઝાંખી કરવાનું ને એને જીરવવાનું સહેલું છે પણ એના રૌદ્ર સ્વરૂપનો પ્રત્યક્ષ પરચો મેળવી, એનાં દર્શન કરી એને જીરવવામાં ઉપાસકની ને એની ઉપાસનાની કસોટી છે, એમાંથી જ એ ઉપાસકે ગ્રહણ કરેલા પ્રપત્તિના ઊંડાણનો તાગ મેળવી શકાય છે. પરમ તત્ત્વની સમ્પૂર્ણ શરણાગતિ સ્વીકાર્યા બાદ એના રૌદ્ર–રમ્ય બંને સ્વરૂપોને જીરવવાની ઉપાસકમાં હામ હોવી જ જોઈએ. એટલે જ કદાચ મને ઘણીવાર અકલ્પ્ય એવી કોઈ સ્ત્રીના કઢંગા સ્વરૂપનાં દર્શન થતાં હું ગભરાઈ ઊઠતો. મા... મા ... પોકારી ઊઠતો. અનેકવાર આવું દૃશ્ય હું જોતો હતો. અનિર્વચનીય ને

ક્લેશકર દશ્યોને દૂર કરવા મને ઘણી મુશ્કેલી નડતી હતી. પણ પછી આ વિચિત્ર ને કઢંગી આકૃતિઓનો દેખાવ ક્વચિત્ જ આંખ સામે આવતો હતો.

કોઈવાર વળી શસ્ત્રાસ્ત્રથી સજ્જ સૈનિકોનું મોટું લશ્કર પણ દેખાતું હતું. તેઓ ક્યારેક પોતાના શસ્ત્રોનો ઉપયોગ પણ કરતા હતા.

દીપજ્યોતની કલાત્મક ગોઠવણીનું દૃશ્ય અત્યંત સંતર્પક નીવડતું હતું. ક્વચિત મંત્રજપના પ્રારંભની સાથે જ અનેક રંગી દીપ જ્યોતો એક સાથે પ્રજ્વળી ઊઠતી હતી.

તા. ૪–૩–૭૭ અને તા. ૫–૩–૭૭ (હોળી–ધુળેટી)ના બે દિવસો દરમ્યાન ગુરુદેવ પૂ. શ્રી શાસ્ત્રીજીનાં દર્શન થયાં. એ બેય દિવસો દરમ્યાન એ સ્વરૂપમાં દિવ્યતાની સૌમ્ય આભા નિહાળી હું અત્યંત ભાવવિવશ બની ગયો હતો અને આંખમાંથી એકધારી અશ્રુધારા વહેતી રહેતી હતી.

શિષ્ય ગુરુની જેટલી સેવા કરે, જેટલું સ્મરણ કરે, એમની જેટલી સાર–સંભાળ લે એથી અનેક ગણી વિશેષ એવી કાળજી ગુરુ શિષ્યની લેતા હોય છે. પ્રતિપળ ને પ્રતિક્ષણ શિષ્યને પ્રેરણાપ્રદ ને સહાયભૂત થતા રહે છે. શિષ્યના સમગ્ર મનોવ્યાપારો ગુરુના ચૈતસિક સ્તરે અજબ પ્રકારે અંકિત થઈ જાય છે ને એની મોટામાં મોટી સમસ્યા કે નાનામાં નાની મૂંઝવણનો ગુરુ તાગ મેળવી લે છે. એમના દિવ્યચક્ષુ સમક્ષ શિષ્યની પ્રત્યેક ગતિ–વિધિનો આલેખ તાદશ થઈ જતો હોય છે. પ્રાતર્ વન્દ્ય એવા શ્રી શાસ્ત્રીજીની પણ આવી જ બલિહારી છે ને! પોતાને શરણે આવનાર પ્રત્યેક માનવીની તેઓ પ્રેમપૂર્વક સંભાળ લે છે ને સામે ચાલીને એના મનની મૂંઝવણનું નિરાકરણ કરે છે.

આવા જ એક દશ્ય–અનુભવની વાત કરું. એક વિરાટ યજ્ઞમાં પૂ. શ્રી શાસ્ત્રીજી બિરાજમાન હતા. એની આસપાસ – ચારે બાજુ ચિક્કાર માનવમેદની કીડિયારાની જેમ ઊભરાઈ રહી હતી. ક્યાંયથી એમની સમીપ જવાની કે એમનાં દર્શન કરવાની તક સાંપડે એવી જગા નહોતી. એ માનવમેદની વચ્ચેથી માર્ગ કાઢીને હું એમની સમીપ જવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. વ્યર્થ ફાંફાં મારતો હતો. ક્યાંયથી પણ માર્ગ મોકળો થતો નહોતો. હું સહેજ ચિંતાતુર બની ગયો. આટલી બધી ચિક્કાર મેદનીને છેડે ઊભેલા મારા મનની સ્થિતિ ને મૂંઝવણ કળી જઈને અંદર યજ્ઞકુંડ સમીપ બિરાજેલા પૂ. શાસ્ત્રીજી હાથના ઇંગિત વડે લોકોને સૂચવી રહ્યા હતા: 'મહેરબાની કરીને એક બાજુ થઈ જાવ, રસ્તો કરો ને આ ભાઈને ત્વરાથી મારી પાસે આવવા દો...' પૂ. શાસ્ત્રીજી જેમ જેમ સૂચવતા ગયા તેમ તેમ લોકો જલ્દીથી એક બાજુ ખસી ગયા. વચ્ચે જાણે એક નાનકડી કેડી રચાઈ ગઈ ને એ કેડી વાટે હું ઠેઠ માનવમેદનીને છેડેથી પૂ. શાસ્ત્રીજીની સમીપ પહોંચી ગયો. એમની સમીપ પહોંચતાં જ એમણે મને એમના બે હાથોના આશ્લેષમાં લઈ મારે બરડે હાથ પસવારી, થપથપાવી મને શાંત થવા સૂચવ્યું. આમ ઉભય ગુરુ–શિષ્યની આંખમાંથી મિલનનાં હર્ષાશ્રુ વરસી રહ્યાં હતાં! શાસ્ત્રીજી બોલ્યા: 'હું તમારા વિશે જ પૂછપરછ કરતો હતો ત્યાં અચાનક જ મને ખ્યાલ આવ્યો કે આ વિશાળ માનવ મેદનીને પસાર કરવા તમે બહાર ઊભા ઊભા વ્યગ્રચિત્ત મથામણ કરી રહ્યા છો.... હું પોતે જ સામે તમને લેવા આવવાનો હતો ત્યાં સામેથી જ તમે દેખાયા...'

પોતાના પ્રત્યે ભાવવિભોર બનેલા શિષ્યની ગુરુ કેવી અવ્યક્તપણે સંભાળ લે છે તેનો આ પુરાવો છે. મા ગાયત્રી અને મહામંત્ર ગાયત્રીની આરાધના કરનારા વન્દનીય એવા શ્રી શાસ્ત્રીજી વત્સલ ભક્તોને માટે કેવા હૃદયભાવ દાખવે છે ને કેવી પ્રેરણા આપે છે તે તો એમના સામીપ્યનો જેણે પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો હોય તે જ જાણે!

મા ગાયત્રીની આરાધના અને ગાયત્રી મહામંત્રના જપ માનવીને મારે કલ્યાણકર છે. એને સન્માર્ગે પ્રેરે છે એટલું જ નહિ, મૂક અને અબુધ એવાં પ્રાણીઓને પણ પોતાના વશમાં રાખે છે. ગાયત્રી-મહામંત્રની ઉપાસના આદરી એ મંત્ર જેણે પોતાના અસ્તિત્વમાં એકાકાર કર્યો છે એવા સ્તુત્ય શ્રી શાસ્ત્રીજીની આંખોમાંથી વરસતી અનુકંપા, એમનો એક જ દૃષ્ટિપાત એ મૂક પ્રાણીઓને એમની હિંસકતાથી વિમુખ કરવા, શાંત કરવા સમર્થ બને છે.

મંત્રોચ્ચારમાં તદાત્મ બનતાં મેં હિંસક પ્રાણીઓની અનોખી સૃષ્ટિ નિહાળી છે. આજુબાજુથી વિકરાળ પશુઓ સિંહ, વાઘ, સાપ દોડી આવે છે. બીજી બાજુથી કળા કરતો મોર, ગાય મારી સમક્ષ આવી ઊભાં રહી જાય છે. મંત્રમાં મારી મગ્નતા જોઈને તેઓ મને એમના માથા પર હાથ મૂકવા કહે છે – જાણે ગાયત્રી મંત્રનો પ્રાદુર્ભાવ, એની શક્તિની સંક્રાન્તિ પોતાનામાં વાંછતા હોય એમ લાગ્યું! મેં એ પ્રમાણે કર્યું. પછી તેઓ મારાથી દસ ફૂટ દૂર જઈને શાંતચિત્તે બેસી ગયા! મંત્રોચ્ચારમાં મગ્ન બની ગયા! આ વેળા સિંહ, વાઘ, સાપની હિંસકતા અદશ્ય થઈ! તેમાંથી કોઈપણ પ્રાણી લેશ માત્ર પણ હલનચલન કરે કે તરત જ પૂ. શ્રી શાસ્ત્રીજી તેમને શાંતચિત્તે બેસવા નિર્દેશ કરતા. અને સાચે જ, તે વિકરાળ પ્રાણીઓ શાંતિથી બેસી જતા. શાસ્ત્રીજીની દષ્ટિ ને એમના અવાજની કેવી અસરકારકતા! છેલ્લે પૂ. શ્રી શાસ્ત્રીજીએ જણાવ્યું કે હે પ્રાણીઓ, રાત્રી અને જંગલની ભેંકારતા તમારી પ્રતીક્ષા કરે છે માટે તમે તમારા જંગલના નિવાસમાં પાછા ફરો! દરેક પ્રાણી એક પછી એક ઊઠીને આવીને શાસ્ત્રીજીનાં ચરણોમાં નતમસ્તકે પ્રણામ કરી, આવજો...આવજો...ના ભાવ દર્શાવતા વિદાય થાય છે. શાસ્ત્રીજીના કરુણામય સ્વભાવની એક વધુ ઝાંખી! એમનો એક શબ્દ મૂક પ્રાણીને પણ વશ કરીને સરળ ને સ્વસ્થ બનાવી દે છે, એ તેમની સિદ્ધાવસ્થાનો દ્યોતક બની રહે છે!

ગુરુદેવ, આપનાં ચરણોમાં ભાવપૂર્વક પ્રણામ કરું છું!

□

---




મા ગાયત્રીની કૃપા અને
પૂ. ગુરુદેવના આશિષ હરહંમેશ
વરસતા રહો એવી નમ્ર વિનંતી સહ

**જમનાદાસ નાગરદાસ મોદી**

જનરલ મરચન્ટ

**'ભગવતી'**

ઉદવાડા – Rs. ૩૯૬૧૮૫,
(ડિ. વલસાડ)


---

## માતાજીની કૃપાથી ઉષાબહેનનો

# સંસારબાગ ઉજડતો બચી ગયો!

આ જોસમો માણસ પળ-બેપળમાં અણધારી-અકલ્પ્ય એવી કોઈ આપત્તિમાં આવી પડે કે કોઈ અગમ્ય ને અસાધ્ય એવી માંદગીમાં સપડાઈ જાય ત્યારે આપણે સ્વાભાવિકપણે જ વિચારતાં થઈ જઈએ છીએ. મનુષ્ય સ્વભાવ સહજપણે જ-સ્વાભિકતાથી જ વિભિન્ન અનુમાનો કરે છે, એનું તારણ, એનો ઉકેલ, અને માંદગીનું નિદાન કરવા, ઉપચાર કરવા પ્રેરાય છે, એક ક્ષણ પહેલાં શાંતિ, સ્વસ્થતા અને આનન્દથી પોતાનો જીવનવ્યવહાર ચલાવતો માનવી બીજી જ પળે અશાન્ત, અસ્વસ્થ ને વિષાદની ઘેરી છાયામાં ઘેરાઈ જાય છે અને ત્યારે કુદરતની ગતિવિધિ પર આપણે વિચાર કરતા થઈ જઈએ છીએ.

વ્યક્તિ બે રીતે દુઃખી થાય છે. એક તો એણે પોતે એક યા અન્ય મિષે વહોરી લીધેલી ઉપાધિઓથી અને બીજી અકરિમકપણે આવી પડતી ઉપાધિઓથી. અલબત્ત એની પડછે વ્યક્તિની કર્મજનિત ફળશ્રુતિ જ કાર્ય કરતી હોય છે. આ કુદરતનિર્મિત સૃષ્ટિમાં પળે-પળે ને ક્ષણે-ક્ષણે વ્યક્તિ પોતાનાં કર્મોનું ફળ ભોગવતો રહે છે. અને પોતાનાં કર્મમાં અનેક રીતે વધારો કરતો રહે છે.

આ કર્મ જ, કર્મનું જ ફળ માનવીને પળ-વિપળમાં માણસને-માણસના સમગ્ર જીવનને પલટી નાખે છે. જીવનમાં કુદરતી રીતે-સ્વાભાવિકપણે આવતી પ્રત્યેક ઘટનાઓ કોઈ ને કોઈ સંકેત લઈને આવતી જ હોય છે, કોઈ ને કોઈ સન્દેશ-આદેશ લઈને આવતી જ હોય છે, અને એ સન્દેશ, આદેશ કે સંકેત વ્યક્તિમાં ઈશ્વરીય શ્રદ્ધા ને શરણાગતિનો આવિર્ભાવ કરવા મથતો હોય કે વ્યક્તિની નિજી શ્રદ્ધા ને શરણાગતિને બળવત્તર બનાવવા માંગતો હોય કે પછી વ્યક્તિના આ ભવના કે પૂર્વ ભવનાં કર્મજનિત ફળો ભોગવાવવા આવતા હોય, ગમે તે.

પણ, યન્ત્રયુગના જમાનામાં આવા સંજોગોમાંથી નિર્માણ થતા શારીરિક-માનસિક રોગોનું નિદાન થઈ શકે છે? એનો ઉપચાર થઈ શકે છે? તો એનો જવાબ 'ના'માં જ મળે છે. એ માંદગીના નિદાન-ઉપચાર માટે તો કુદરત પર જ ભરોસો રાખવો પડે છે. પરમતત્ત્વમાં શ્રદ્ધા ને શરણાગતિ રાખી એ શક્તિના આશ્રયે જ એના નિદાન-ઉપચાર કરવાના પ્રયત્નો આદરવા પડે છે. સામ્પ્રત સમયની આ તાસીર છે.

અત્રે પ્રસ્તુત કરેલો પ્રસંગ આ જ હકીકતોનું સમર્થન કરતો લાગે છે.
મણિનગરના ઉષાબહેન પંડયા લખી જણાવે છે!

'દરરોજના ક્રમ પ્રમાણે તા. ૨૬-૪-૮૦ના સવારે હું ઊઠીને દૂધની બાટલી અને પૈસા લેવા અંદર ગઈ ત્યારે મારા પતિ ઊઠયા અને મારી પાસે પાણી માંગ્યુ. મેં પાણી આપ્યું અને પછી તેઓ કમ્પાઉન્ડમાં આંટો મારવા ગયા. હું પૈસા લઈને બહાર ગઈ અને દૂધ લઈને આવું છું, તમે ઘર જોતા રહેજો એમ તેમને મેં કહ્યું, પણ કોઈ જવાબ ન મળ્યો, જેથી હું તેમની પાસે ગઈ ને જોયું તો તેઓ બેહોશ પડયા હતા. આંખની કીકી બહાર ધસીને અને હોઠ પણ નીચે ઊતરી આવ્યો હતો. હું ગભરાઈ ગઈ. ફેમિલી ડૉકટરને બોલાવ્યા. ડૉકટરે આવી કહ્યું કે, આમાં મારું કામ નહિ. તમે જલ્દીથી હોસ્પીટલમાં દાખલ કરો. કેસ ગંભીર છે. એટલે મેં તરત ગુરુદેવ પાસે જવા વિચાર કર્યો. ત્યાં જઈ માતાજીનાં દર્શન કરતાં જ મારામાં નવું જોમ આવ્યું. આખે રસ્તે રટણ ચાલુ જ હતું. મા તો દયાની સાગર છે. તેને બારણે આવેલ પોતાના બાળને તે કદી નિરાશ નથી કરતી. તેમાં ય દીકરીનાં

આંસુ મા કેમ જોઈ શકે? પૂ. ગુરુદેવને બધી વાત કહી. તેમણે કહ્યું કે, ગભરાશો નહિ, બધું જ સારું થઈ જશે. ને સાથે જીવનજળ લઈ જવા જણાવ્યું. તુળસીના નવ પાનનો રસ કાઢી પીવડાવવા કહ્યું. તેમ જ સવારનું જળ સાંજે ને સાંજનું જળ સવારે પૂરું કરવાનું સૂચન કર્યું. જીવનજળ લઈ હોસ્પીટલ ગઈ. બધા જ રીપોર્ટ આવી ગયા હતા. કોઈ ખામી નીકળી નહોતી. મેં પણ પૂર્ણ શ્રદ્ધાથી જળ ચાલુ કર્યું. લગભગ એકાદ કલાકમાં તો આંખ હતી તેવી નિર્મળ થઈ ને હોઠ પણ યથાવત્ થઈ ગયો. મારા જપ અવિરત ચાલુ હતા. બપોરે તેઓ સમ્પૂર્ણ ભાનમાં આવી ગયા. જે ડૉક્ટર દર્દીને તપાસતાં જ વિચારમાં પડી ગયા ને કેસની જે ગંભીરતા જણાવી, તે માની અસીમ કૃપાથી ને પૂ. શાસ્ત્રીજીના આશીર્વાદથી પૂર્ણ સ્વસ્થતા પ્રાપ્ત કરી. પૂ. ગુરુદેવને હું તેમની તબિયતનો આખા દિવસનો અહેવાલ જણાવતી. બીજે દિવસે તો તેઓ મારા ટેકાને સહારે ચાલવા લાગ્યા. ને તેમની બધી જ પ્રવૃત્તિ જાતે કરવા લાગ્યા. આમ ખૂબ જ જલ્દી સુધારો થતો ગયો. પછી ત્રીજે દિવસે પૂ. ગુરુદેવે હોસ્પીટલમાં આવવા જણાવ્યું. મારા પતિને આ સમાચાર આપ્યા. તેઓ ખૂબ જ ખુશ થઈ ગયા. જે વ્યક્તિ પોતાની પત્ની અને બાળકને ઓળખી ન શકે તે પૂ. ગુરુદેવને આવેલા જોઈ એકદમ પુલકિત થઈ ઊઠયા. પૂ. ગુરુદેવે પોતાનો હાથ મારા પતિના હાથે-પગે, માથે ને ગળે ફેરવી શક્તિ અર્પી. ત્યાર બાદ મારા પતિને હોસ્પીટલમાંથી રજા આપવામાં આવી. અમે પૂ. શાસ્ત્રીજીના આશીર્વાદ લઈ ઘેર ગયા. આ જોઈ બધા જ નવાઈ પામી ગયા, છતાં બોલવામાં તકલીફ પડતી હતી ને યાદ-શક્તિ ચાલી જતી હતી તેથી ફરી પૂ. ગુરુદેવે શક્તિપ્રદાન કર્યું. તેનાથી બધું જ સારું થઈ ગયું.

આપ પૂ. મા ગાયત્રીની અસીમ કૃપા ને પૂ. શાસ્ત્રીજીના આશીર્વાદથી મારા પતિની જિંદગી અંધકારમાં ધકેલાઈ જતાં, એક મઘમઘતો સંસારબાગ ઉજડતો બચાવી મારી તથા કુમળાં બાળકો પર ઘણો મોટો ઉપકાર કર્યો છે. પૂ. ગુરુદેવ તથા માના ગુણગાન ગાવા મારી પાસે શબ્દો નથી. પરન્તુ એટલું તો જરૂર કહીશ કે, પૂર્ણ શ્રદ્ધા ને શરણાગતિ સ્વીકારનારને મા કદી નિરાશ કરતી નથી તે તેની દરેક જરૂરિયાતનું ધ્યાન રાખે જ છે. હાલ પણ અમો બંને નિયમિત માળા કરીએ છીએ.

મા ગાયત્રીની અસીમ કૃપા ને પૂ. ગુરુદેવના આશીર્વાદનું અમીવર્ષણ અમારા સૌના જીવનપથ પર પ્રત્યેક પગલે થતું રહે એ જ નમ્ર પ્રાર્થના.

લિ૦

ઉષા અરવિંદ પંડયા

ગિરધર નિવાસ, મુક્તિ મેદાન, મણિનગર.'

વ્યક્તિને સન્તમાં–સિદ્ધપુરુષમાં–ગુરુમાં શ્રદ્ધા અને વિશ્વાસ હોય અને તેમના માર્ગદર્શનનો પ્રેમપૂર્વક અમલ કરે તો ગુરુના આશીર્વાદ, કૃપા અને વચન (શબ્દો) માત્રથી જ વ્યક્તિની આ ને આવી અનેક જીવનની આધિવ્યાધિ–ઉપાધિઓનું નિવારણ ને નિરાકરણ થઈ જાય છે. હકીકતે, અહીં પણ મહત્ત્વ તો શ્રદ્ધા અને વિશ્વાસનું જ ફલિત થાય છે. કારણ કે સન્તો–ગુરુ પણ પરમતત્ત્વના આદેશને જ અનુસરતા હોય છે.

મા ગાયત્રીના આદેશને અનુસરતા શાસ્ત્રીજી પણ માતાજીની પ્રેરણા અને સંકેત અનુસાર માતાજીને વશ વર્તીને ચાલનાર ઉપાસકને આ રીતે સહાયભૂત થતા હોય છે. માતાજીના આદેશથી જ તેઓ હોસ્પીટલ ગયા હશે ને માતાજીની જ પ્રેરણા ને સ્વયં સ્ફુરણાથી દર્દીને સ્પર્શ કરી, માતાજી પાસેથી શક્તિ લઈ તે દર્દીમાં સંક્રાન્ત કરી હશે ને એ શક્તિ સંક્રાન્ત થતાં જ, જીવલેણ જેવી અચાનક આવી પડેલી શારીરિક કે પછી માનસિક માંદગીમાંથી તરત જ સાજા થઈ ગયા હશે, એમાં શંકાને કોઈ સ્થાન નથી.

□

# માનવીને મરણોન્મુખ બનાવતો કેન્સરનો રોગ
# ગાયત્રી – મંત્રજપથી મટી શકે છે !

અતિ ભયાનક અને જીવલેણ ગણાતા કેન્સરના રોગના નિદાન અને ઉપચાર અંગે અનેકાનેક ઔષધો ને ઉપકરણો શોધાતાં રહે છે. અદ્યતન તબીબી સુવિધાઓ, સારવાર પણ કેન્સરના રોગના દર્દીને રોગમાંથી મુક્ત કરી શકતાં નથી કે રાહત અપાવી શકતાં નથી. ત્યારે આધ્યાત્મિક શરણું આવા રોગમાં એક માત્ર તરણોપાય બની રહે છે.

આ કેન્સર અને કેન્સર જેવા બીજા અનેક રોગો મોટે ભાગે આકસ્મિક – રાતોરાત જ દર્દીના શરીરમાં ફૂટી નીકળતા હોય છે. શરીરના ગમે તે ભાગમાં અચાનક જ કોઈ પીડા ફૂટી નીકળે છે, કોઈ તકલીફ ફૂટી નીકળે છે. દર્દી સહેજ ને સ્વાભાવિકપણે જ તબીબનો આશ્રય સૌ પ્રથમ લે છે. તબીબની સામાન્ય તપાસમાં કેન્સર, પ્રેસર, હૃદયરોગ જેવા અતિ દર્દનાક, અસાધ્ય ને કવચિત્ જીવલેણ તેમ જ નિદાન અને ઉપચારનું કોઈ શુભ પરિણામ ન લાવનાર રોગ તબીબોના કાગળો પર, તેમના નિદાન ને ઉપચારોમાં ઉપસી આવે છે. રોગોના આવાં નામો સાંભળતાં જ, ખર્ચાળ સારવાર ને લાંબી લચક સૂચનાઓ જ દર્દીને માનસિક રીતે અડધો ખલાસ કરી નાખે છે. માનસિક સંક્ષુબ્ધતા ને આઘાત દર્દીના દર્દને અડધું વધારી દે છે ને માનવી મરણોન્મુખ બનીને જીવે છે.

આવા સમયમાં આધ્યાત્મિક શરણું – ઈશ્વરની શરણાગતિ – પોતાના કોઈ પણ ઇષ્ટદેવની ઉપાસના, મંત્રજપ કે નામસ્મરણ અદ્‌ભુત, અપૂર્વ ને અદ્વિતીય એવી રાહત કે મુક્તિ અપાવે છે.

અહીં પણ કર્મનો સિદ્ધાંત તો અલબત્ત લાગુ પડે જ છે. પણ ઈષ્ટની શરણાગતિ, મંત્રજપનો શરીર અને મન પર અદ્‌ભુત પ્રભાવ પડે છે. તન, મન અને પ્રાણમાં અલૌકિક વાતાવરણ–સ્પંદનો જન્માવી એક એવી શક્તિનો સંચાર કરે છે, જેના દ્વારા શરીરની રોગગ્રસ્ત દશાને વિદારવા સમર્થ બને છે. એટલું જ નહિ, મંત્રજપ કે નામસ્મરણની સાથે કોઈ પણ સન્તનું માર્ગદર્શન ને આશીર્વાદ પણ અતિ ઉપકારક નીવડે છે.

પૂ. શ્રી ગુરુદેવના માર્ગદર્શનનો લાભ આવી રોગગ્રસ્ત અનેક વ્યક્તિઓએ આજ સુધીમાં લીધો છે, ને તે દરેકને મોટે ભાગે તો સારા અનુભવો થયા જ છે, ને એમાં વ્યક્તિની-રોગીની–ઉપાસકની નિજી શ્રદ્ધા પણ સૌથી મોટો ભાગ ભજવે છે.

વ્યક્તિની નિજી શ્રદ્ધા, ગાયત્રી–મંત્રજપ ને પૂ. ગુરુદેવના માર્ગદર્શનથી કેન્સરના રોગમાંથી કેવી રીતે મુક્તિ મળી તેનું અલ્પ આલેખન પ્રેરણાપ્રદ નીવડશે એ આશાથી અત્રે પ્રસ્તુત કર્યું છે.

**શ્રી રંભાબહેન લખી જણાવે છે.**

'પૂજ્ય ગુરુજી,

નમસ્કાર.

જત લખવાનું કે મા ગાયત્રીની અસીમ કૃપાથી તેમજ આપના આશીર્વાદથી આજે હું કેન્સરના રોગમાંથી કોઈ કલ્પી પણ ન શકે એટલી હદે મુક્ત થઈ ગઈ છું. બન્યું એવું કે આજથી અઢી વર્ષ પૂર્વે એકાએક લોહીની ઉલટીઓ થવા માંડી. ડૉકટરને બતાવ્યું. એકસ રે લેવડાવ્યા અને અન્નનળીના

કેન્સરનું નિદાન થયું. ત્યાર પછી તો દવાઓ, ઈંજેક્શનો, શેક વગેરે લીધા, પણ કશાની અસર ન થઈ. અન્તે જ્યારે ખોરાક લેવાતો બન્ધ થયો, પેટમાં પાણી પણ ન રહેતું, અવાજ પણ સાવ બેસી ગયો, ત્યારે મા ગાયત્રી સિવાય કોઈ ઊગારી શકે તેમ ન હતું. પહેલેથી જ મને માતાજી ઉપર શ્રદ્ધા તો હતી જ, પણ આ બનાવથી શ્રદ્ધા અતૂટ બની. આ અરસામાં એક બહેનના કહેવાથી હું આપની પાસે આવી. આપે જીવનજળ તેમ જ દરરોજ સવારે અગિયાર તુલસીપત્ર તેમ જ કાળી દ્રાક્ષ લેવાનું અને મા ગાયત્રીની ત્રણ માળા કરવાનું કહ્યું અને આપે ચિંધ્યા માર્ગે આજ હું સંપૂર્ણ સ્વસ્થ થઈ ગઈ અને સ્વપ્નમાં પણ માતાજી તેમ જ આપનાં દર્શનથી આનન્દ થયો. હાલ હું નિયમિત પાંચ માળા કરું છું.

આપના તેમ જ જગત જનની ગાયત્રીનાં ચરણોમાં કોટિ કોટિ વન્દન.

લિ૦
રંભાબહેન '

□


# Processors of Sarees and Dress Materials

**Plain and Printed**

**Polyester American, Crimp Polyester, Dani Chiffon**
**Crimp Voil, Crimp Woolly, Crimp Chiffon and American Dyed.**
**Quality & Class Printers**

# BHARUCHA & SONS

**Dyeing Printing & Finishing House**

Plot No. 207, 'A' Road, G. I. D. C.

**PANDESARA** (Dist. Surat.)

Phone : Resi. : 25646 36946    Phone : Offi. : 88704 88705

કેન્સરનું નિદાન થયું. ત્યાર પછી તો દવાઓ, ઈન્જેક્શનો, શેક વગેરે લીધા, પણ કશાની અસર ન થઈ. અન્તે જ્યારે ખોરાક લેવાતો બન્ધ થયો, પેટમાં પાણી પણ ન રહેતું, અવાજ પણ સાવ બેસી ગયો, ત્યારે મા ગાયત્રી સિવાય કોઈ ઊગારી શકે તેમ ન હતું. પહેલેથી જ મને માતાજી ઉપર શ્રદ્ધા તો હતી જ, પણ આ બનાવથી શ્રદ્ધા અતૂટ બની. આ અરસામાં એક બહેનના કહેવાથી હું આપની પાસે આવી. આપે જીવનજળ તેમ જ દરરોજ સવારે અગિયાર તુલસીપત્ર તેમ જ કાળી દ્રાક્ષ લેવાનું અને મા ગાયત્રીની ત્રણ માળા કરવાનું કહ્યું અને આપે ચિંધ્યા માર્ગે આજ હું સંપૂર્ણ સ્વસ્થ થઈ ગઈ અને સ્વપ્નમાં પણ માતાજી તેમ જ આપનાં દર્શનથી આનન્દ થયો. હાલ હું નિયમિત પાંચ માળા કરું છું.

આપના તેમ જ જગત જનની ગાયત્રીનાં ચરણોમાં કોટિ કોટિ વન્દન.

લિ૦
રંભાબહેન '

□


# Processors of Sarees and Dress Materials

**Plain and Printed**

**Polyester American, Crimp Polyester, Dani Chiffon**

**Crimp Voil, Crimp Woolly, Crimp Chiffon and American Dyed.**

**Quality & Class Printers**

# BHARUCHA & SONS

**Dyeing Printing & Finishing House**

Plot No. 207, 'A' Road, G. I. D. C.

**PANDESARA** (Dist. Surat.)

Phone : Resi. : 25646, 36946 — Phone : Offi. : 88704, 88705

# વ્યક્તિની નિજી શ્રદ્ધા, ગાયત્રી મંત્રજપ અને ગુરુની આત્મિક શક્તિનો વિરલ અનુભવ !

પરમતત્ત્વની શરણાગતિ સ્વીકારનારને, પરમતત્ત્વમાં શ્રદ્ધા સેવનારને, તેના જીવનની અનેકવિધ-આધિ-વ્યાધિ ઉપાધિગ્રસ્ત સ્થિતિમાં કોઈ ને કોઈ રીતે સહાય પ્રાપ્ત થતી રહેતી હોય છે. કોઈક ને કોઈક રીતે તેના પ્રશ્નો ઉકેલાઈ જતા હોય છે, ત્યારે પ્રશ્ન સહજપણે જ ઉદ્ભવે કે એ કેવી રીતે બને ? એ બને. અદ્ભુત, આકસ્મિક ને અકલ્પ્ય રીતે. એને સમજાવી ન શકાય. એનો કેવળ અનુભવ કરી શકાય.

વ્યક્તિની અતૂટ શ્રદ્ધા ને અપૂર્વ ને અદ્વિતીય એવી શરણાગતિના બળે સમયના એક સ્તર પર એને કોઈક સન્તનો-ગુરુનો ભેટો થઈ જાય છે. પરમાત્મા હંમેશ પોતાનું કાર્ય કોઈ ને કોઈ સન્ત મારફત જ કરાવતા હોય છે. સન્તો પરમાત્માના દૂતો કહેવાય છે, સન્દેશવાહક કહેવાય છે. તેથી એ દૂત એ સન્દેશવાહક પરમતત્ત્વની શક્તિના આશ્રયે, પરમતત્ત્વ દ્વારા પ્રાપ્ત થયેલ આધ્યાત્મિક ને આત્મિક શક્તિઓ દ્વારા પૃથ્વીના લોકોને અનેક રીતે સહાયભૂત થતા રહે છે, માર્ગદર્શક બનતા રહે છે.

પૂ. ગુરુદેવ મા ગાયત્રીના આવા જ એક દૂત છે. માતાજીએ અર્પેલી આધ્યાત્મિક ને આત્મિક શક્તિઓ દ્વારા માનવીના જીવનના આધિ-વ્યાધિ ઉપાધિના પ્રશ્નોનો ઉકેલ લાવીને પરમતત્ત્વ પ્રતિ વાળવાનો એક ભગીરથ ને અપૂર્વ એવો પ્રયાસ કરી રહ્યા છે. માત્ર ગુજરાત કે ભારત જ નહિ, પણ સમસ્ત વિશ્વના તેઓ એક માત્ર સ્વજન, સ્નેહીજન અને આશ્વાસક ને અવલમ્બક બની રહ્યા છે. તેમની સમીપ આવનાર દરેકને જ શાસ્ત્રીજી મારા છે, મારી નિકટ છે એવો અનુભવ થાય છે. એટલે જ્યારે કોઈ પણ માનવીના જીવનમાં કોઈ પણ પ્રકારનો પ્રશ્ન ઉદ્ભવે ત્યારે તેની સર્વ જવાબદારી તે માનવી શાસ્ત્રીજીને શિરે નાખી દે છે, ગુરુદેવ એ જવાબદારી માતાજીને અર્પણ કરે છે અને પછી જે અનુભવ થાય છે, વ્યક્તિના નિજી પ્રશ્નોનો જે ઉકેલ આવે છે તે અલૌકિક જ લાગે છે.

અત્રે પ્રસ્તુત કરેલો પ્રસંગ આવી જ અલૌકિક ને અકલ્પ્ય એવી માતાજીની કૃપાની અનુભૂતિ કરાવે છે.

બીલીમોરાના શ્રી વલ્લભસિંહ ડી. દરબાર લખે છે કે, 'લક્ષ્મીબહેનને પેટની જૂની બિમારી હતી. પૂ. શાસ્ત્રીજીના જીવનજળથી થોડોક આરામ હતો, પરન્તુ દર્દે ફરીવાર હુમલો કર્યો. બીલીમોરાના નિષ્ણાત તબીબોને બતાવ્યું તો તેમણે નિદાન કર્યું કે પેટમાં ગાંઠ છે. ઓપરેશન કરાવવું પડશે. લક્ષ્મીબહેન નાનપણથી જ નાદુરસ્ત તબિયતના હતા. અને અનેકાનેક ડૉ.-વૈદ્યોની દવાઓ કરી ચૂકેલા. એટલે શરીર એક કાચનું વાસણ જેવું બની ગયું હતું. અને ઓપરેશન કરાવે તો એમની જિંદગી જોખમાય પણ ખરી. દર્દીની વેદના પણ એટલી જ અસહ્ય હતી. શું કરીએ ?

પૂ. ભગવદ્‌સ્વરૂપ શાસ્ત્રીજી પર સમ્પૂર્ણ વિશ્વાસ હતો. તેમને પત્ર લખી, આશીર્વાદ માગ્યા. આશીર્વાદ લઈ તા. ૭-૫-૮૦ ના રોજ હોસ્પીટલમાં દાખલ કર્યા. દર્દીની નજર સામે માતાજીનો ફોટો મૂકી અગરબત્તી કરી પ્રાર્થના કરી કે ઓપરેશન નિર્વિઘ્ને સફળ થાય અને તમે સાથે રહો. માતાજી જાણે સંકેત કરતાં કે ગભરાશો નહિ. શાસ્ત્રીજી તમારી સાથે છે. બપોરે ત્રણ વાગ્યે ઓપરેશન

થિયેટરમાં દાખલ કર્યાં, પણ જીવ ઊંચો હતો. કારણ કે દર્દીનું શરીર કંગાલ હતું. ડૉકટરે તેમની કાર્યવાહી શરૂ કરી. દર્દી ગાયત્રી-જપ કરતા હતા. તે વેળા શાસ્ત્રીજી સૂક્ષ્મ સ્વરૂપે દર્દી પાસે આવીને પુણ્ય પુષ્પકમળ જેવો કોમળ હાથ માથા પર ફેરવીને આશ્વાસન આપતા હતા, કે ગભરાઈશ નહિ, હું તારી સાથે જ છું.

આમ એમનાં સંકેતની વાણી સંભળાઈ રહી છે. એક બાજુ ઓપરેશન ચાલુ છે. પેટના મધ્ય-ભાગમાં એક મોટી ગાંઠ હતી. તેની આજુબાજુ નાની બે ગાંઠ નીકળી. આવું ભયંકર ઓપરેશન કરતાં ડૉકટરને શ્રમ પડવાને બદલે ખીલેલા ફૂલમાંથી પાંખડી છૂટી પાડતાં જે શ્રમ પડે, તેટલો નજીવો શ્રમ પડયો.

લક્ષ્મીબહેન સારાં થઈ ઘેર આવી ગયાં અને આજે સારી રીતે સર્વિસ કરે છે.'

* * *

આમ હકીકતે મહત્ત્વ તો શ્રદ્ધા, શરણાગતિ અને સમર્પણ ભાવનું છે. જ્યાં સુધી તન, મન, પ્રાણ અને સમગ્ર અસ્તિત્વનું સમર્પણ પરમતત્ત્વમાં ન થાય ત્યાં સુધી વ્યક્તિ તેની કૃપાથી વંચિત-વેગળો રહે છે. પણ જયારે તેની જાતનું સર્વ સમર્પણ પરમાત્માનાં ચરણોમાં થઈ જાય છે ત્યારે ઉપાસ્ય ને ઉપાસકનું, ભગવાન ને ભક્તનું અદ્વૈત સધાતાં આ રીતે ભગવાનને ભક્તનાં કાર્યો કરવાની ફરજ પડે છે.

□

પૂ. ગુરુદેવના આશીર્વાદની અભ્યર્થના સહિત

આરતી ટ્રેડર્સ

જનરલ મરચન્ટ

'ભગવતી'

ઉદવાડા – Rs. ૩૯૬૧૮૫

# કાવ્યપ્રસાદ

## પ્રાર્થના

ભક્ત રંજન ભીડભંજન બાળ માતા વંદના
ગુણગાન ગાઉં હેતથી જય શાસ્ત્રીજી ગુરુદેવનાં. ૧

ઝણ્ડો ધર્યો છે જોગનો ને માળ કંઠે પ્રેમની
લઈ ભેખ સેવાનો ફરો કહી રોજ જય મા વંદની. ૨

અવધૂતી આનંદ આપનો અવનિ તટે આળોટતો
દીન દુઃખી દિલે દીવડો 'મા' નામનો પ્રગટાવતો. ૩

કોઈ આવે તીર્થ 'નિલોષા' ઉપર ત્યાં આપની
ઉમટી પડે છે પ્રેમગંગા પુણ્યશાળી પાવની. ૪

બાળ સંબંધે મળો તે માત જાણો વેદની
આશિષ દેતા શાસ્ત્રીજી માળા ગણો ત્રણ પ્રેમની. ૫

શ્રદ્ધા અને શરણાગતિ આધાર સ્થંભો બે કહો
મહામંત્ર લઈ મા વેદની માળા ગણો ત્રણ એ કહો. ૬

ચરણભક્તિ આપની અમને અહર્નિંશ આપજો
ભવ સિન્ધુના ભીષણ તરંગોથી રખોપત રાખજો. ૭

જેના વચનથી માનવી સંસારસાગરને તરે
તેના સ્વરૂપે માત પણ વિહાર આનંદે કરે. ૮

કોઈ આધિ કોઈ વ્યાધિ કોઈ ઉપાધિ કહે
અભિમંત્ર જળ ત્યાં જિંદગીને જોમ ભરીને રહે. ૯

ગુરુદૃષ્ટિ કુણી આપથી સદ્બુદ્ધિ અમને સાથ દે
ભવબંધનો તૂટી અમોને મુક્તિ સામો સાદ દે. ૧૦

સંસારમાં સરસા રહી નાયુક્ત મન સંસારથી
તે સત્‌ગુરુ તમ શાસ્ત્રીજી દો મુક્તિ મન સંસારથી. ૧૧

વાત કરવાને ભલે એકાદ ક્ષણ તો રાખજો
કહેજો, ઈશારો મા! હવે મારી સભાને આપજો. ૧૨

પછી પહોંચી જશે નૌકા જીવનની પણ કિનારા પર
મને વિશ્વાસ છે એ ધ્યેયના મુજ ધ્રુવ તારા પર. ૧૩

વીણી ટુકડા અહીં તહીંથી રચું છું માળ શ્રદ્ધાથી
પછી સોહાય મા કંઠે બની ભક્તિ તમે જોજો. ૧૪

કડી એક એક જીવનની કવન કરી જાય તે જોજો
ઝૂકેલું શિશ કદમોમાં નમન બની જાય તે જોજો. ૧૫

સ્તુતિ સ્તવન સૌ શું કરું નિર્બન્ધ – નિરાકારનાં
છું માનવી તેથી સતીશ, સૌ બંધનો આકારનાં. ૧૬

કહું છું નિવાસ આપના દિલે મને મળે
ડોકાઉં દ્વાર ત્યાં જ કહું રિપુ ફરી વળે. ૧૭

સતીશ ભટ્ટ


Manufacturer of

ELECTRICAL ACCESSORIES

STANDARAD ELECTRICAL PRODUCTS

Sadhana Industrial Estate, S. V. Road, Oshiwada Bridge,
Jogeshwari (West), Bombay – 400 102

Gram : SeproswichBombay 400102 Phone : 57322

# સમાચાર

૧. લંડન (યુ. કે)માં પૂજ્ય ગુરુદેવનો વ્યક્તિગત મુલાકાતનો કાર્યક્રમ :

તારીખ : ૧–૮–'૮૩ થી તા. ૧–૯–'૮૩

સરનામું : પ્રદીપ આર વડેરા

42 BLUEGATES ROAD,

BEAMOUHT LEYS

LEICESTER. PHOHE : 0533 - 345 - 611

U. K.

[તા. ૩૦–૭–'૮૩ થી તા. ૨–૯–'૮૩ સુધી 'નિલોષા' અમદાવાદમાં પૂજ્ય ગુરુદેવનો કાર્યયજ્ઞ બંધ રહેશે ]

૨. આષાઢી નવરાત્રી તા. ૧૧–૭–'૮૩ થી તા. ૧૮–૭–'૮૩ સુધી છે.
અનુષ્ઠાન કરવા ઇચ્છતાં ભાઈબહેનોને પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ.

૩. તા. ૨૪–૭–'૮૩ રવિવારે ગુરુપૂર્ણિમા છે.
સવારે ૧૦–૦૦ થી ૫–૦૦ વાગ્યા સુધી પૂજ્યશ્રીના દર્શનનો લાભ મળી શકશે.

૪. તા. ૭–૯–'૮૩ પૂજ્ય ગુરુદેવનો જન્મદિવસ છે.
સવારે ૧૦–૦૦ થી ૫–૦૦ વાગ્યા સુધી પૂજ્યશ્રીના દર્શનનો લાભ મળી શકશે.

૫. પૂ. ગુરુદેવનાં પુસ્તકો ગુજરાતી–અંગ્રેજી ભાષામાં પ્રસિદ્ધ થયાં છે. રૂબરૂમાં મેળવી શકાશે.

(૧) અગોચરના ઊંડાણમાં (૨) ઉપાસનાનો રાજમાર્ગ (૩) TRUE WORSHIP

□

કદી પણ ક્રોધ ન કરો, જે સારા તથા પવિત્ર હોય તેમનો જ સંગ કરો. આમ કરવાથી આનંદમય મોક્ષના તમે ભાગીદાર થશો.

— સમર્થ સ્વામી રામદાસ



પ્રખર ગાયત્રી-ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

 R. N. 38405/82

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈપણ વ્યક્તિ જ્ઞાતિ, જાતિ, સમ્પ્રદાય કે ધર્મનાં બન્ધનો સિવાય વિનામૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ પૂજ્ય ગુરુદેવના આદેશ અનુસાર ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : 'નીલોષા' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલમોર ફ્લેટ્સ પાછળ, ગુલબાઈનો ટેકરો,
અમદાવાદ-૧૫.

સમય : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)

શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક-માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. સ્વચ્છ ખાલી બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.

□